શનિવાર, 7 ફેબ્રુઆરી, 2026 મહા વદ છઠ્ઠ

“વડોદરાથી પ્રસિદ્ધ થતું નિડર અને નિષ્પક્ષ અખબાર”

ન્યાય ક્ષેત્રે વડોદરા રહેશે.




# દૈનિક પલ્સ

દૈનિક પલ્સ સાથે આગળ રહો....

માલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : પ્રકાશ જગદીશ રાવલ ✻ મો :૯૯૦૯૯૧૧૧૭૫ ✻ RNI NO : GJGUJ/25/A1447 ✻ Vist : www.dailypulse.org.in

રજીસ્ટર ઑફિસે : ૧૧/૩ સિદ્ધેશ્વર હોલમાર્ક, અજવા રોડ, વડોદરા ૩૯૦૦૧૯ ✻ Follow : @dailypulsenews24 ✻ દૈનિક સોશ્યિલ આવૃત્તિ ✻ કિંમત : મફત

## સોના અને ચાંદીના ભાવમાં મોટો ઘટાડો, ચાંદીમાં ૧૩ હજારનો તોતિંગ કડાકો નોંધાયો

ભારતીય સોના-ચાંદી બજારમાં રોકાણકારો અને ગ્રાહકો માટે મોટા સમાચાર છે. ઇન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશન (IBJA) દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ, સોના અને ચાંદી બંનેની કિંમતોમાં મોટો ઘટાડો નોંધાયો છે. ખાસ કરીને ચાંદીના ભાવમાં તોતિંગ કડાકો જોવા મળ્યો છે.

ચાંદી અને સોનામાં જંગી ઘટાડો: આજે ચાંદીની કિંમત એક જ દિવસમાં ₹13,155 ઘટીને ₹2,41,184 પ્રતિ કિલો પર આવી ગઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે માત્ર બે જ દિવસના ગાળામાં ચાંદી કુલ ₹41,278 જેટલી સસ્તી થઈ છે. અગાઉ ચાંદીની કિંમત ₹2,54,339 હતી. સોનાના ભાવમાં પણ નરમાશ જોવા મળી છે. 10 ગ્રામ 24 કેરેટ સોનું ₹1,013 ઘટીને ₹1,51,489 પર પહોંચ્યું છે, જે અગાઉ ₹1,52,502 ના સ્તરે હતું. સોનાના ભાવમાં બે દિવસમાં કુલ ₹6,669 નો ઘટાડો થયો છે.

કેરેટ મુજબ આજના ભાવ:

- 24 કેરેટ: ₹1,51,489 (પ્રતિ 10 ગ્રામ)
- 22 કેરેટ: ₹1,38,764 (પ્રતિ 10 ગ્રામ)
- 18 કેરેટ: ₹1,13,617 (પ્રતિ 10 ગ્રામ)
- 14 કેરેટ: ₹88,621 (પ્રતિ 10 ગ્રામ)

મુખ્ય શહેરોમાં સ્થિતિ: દેશના વિવિધ શહેરોમાં સોનાના ભાવમાં થોડો તફાવત જોવા મળ્યો છે. અમદાવાદમાં 24 કેરેટ સોનાનો ભાવ ₹1,52,400 રહ્યો છે, જ્યારે મુંબઈ અને કોલકાતામાં ₹1,52,350 અને દિલ્હીમાં ₹1,52,500 ના ભાવે સોનું વેચાઈ રહ્યું છે. ચેન્નઈમાં ભાવ સૌથી વધુ ₹1,55,460 જોવા મળ્યો છે.

ઘટાડા પાછળના મુખ્ય કારણો: બજારના નિષ્ણાતો આ ઘટાડા પાછળ બે મુખ્ય કારણો જોઈ રહ્યા છે. પ્રથમ, પ્રોફિટ બુકિંગ - સોના-ચાંદીની કિંમતો તાજેતરમાં ઓલટાઈમ હાઈ પર પહોંચી હતી (સોનું ₹1.76 લાખ અને ચાંદી ₹3.85 લાખ), જેના કારણે મોટા રોકાણકારોએ નફો વસૂલવા વેચાણ વધાર્યું છે. બીજું, ફિઝિકલ ડિમાન્ડમાં ઘટાડો - કિંમતો આસમાને પહોંચતા સામાન્ય ગ્રાહકોમાં સોના-ચાંદીની ખરીદી ઘટી છે, જેની સીધી અસર ભાવ પર પડી છે.

વાયદા બજાર (MCX) પર પણ ચાંદી ₹4 લાખથી ઘટીને ₹2.41 લાખના સ્તરે આવી ગઈ છે. આ સ્થિતિ દર્શાવે છે કે બજાર અત્યારે વોલેટાઈલ છે અને રોકાણકારો સાવચેતીપૂર્વક આગળ વધી રહ્યા છે.



**સોના અને ચાંદીના ભાવમાં આજે મોટો ઘટાડો નોંધાયો છે. ચાંદીની કિંમત ₹13,155 ઘટીને ₹2.41 લાખ પ્રતિ કિલો થઈ છે, જ્યારે સોનું ₹1,013 ઘટીને ₹1.51 લાખ પ્રતિ 10 ગ્રામ પર પહોંચ્યું છે. પ્રોફિટ બુકિંગને કારણે આ ઘટાડો જોવા મળ્યો છે.**

## ડભોઈ: તંત્રની બેદરકારીથી ખેડૂતો પાયમાલ, કેનાલમાં ગાબડું

**દૈનિક પલ્સ સમાચાર:** ડભોઇ તાલુકાના ખેડૂતો કુદરતી આફતો બાદ હવે તંત્રની બેદરકારી સામે લડત આપી રહ્યા છે. પારીખા માઇનોર કેનાલમાં બે મહિનાથી પડેલા મોટા ગાબડાના કારણે નર્મદાનું નીર વેડફાઈને તળાવમાં જઈ રહ્યું છે, જ્યારે ખેડૂતોના ખેતરો તરસ્યા છે. આ સ્થિતિને કારણે પારીખા, મંડાળા, કરમાલ અને સુલતાનપુરા ગામના અંદાજે ૨૦૦૦ એકર જમીનમાં ઉભેલો તૈયાર પાક આર્થિક પાયમાલીના આરે છે.

સ્થાનિક ખેડૂતોના જણાવ્યા અનુસાર, નર્મદા નિગમના અધિકારીઓને વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં તેઓ એસી ઓફિસો છોડવા તૈયાર નથી. ખેડૂત બ્રિજેશકુમાર અને રાવજીભાઈ વસાવાએ વ્યથા ઠાલવતા કહ્યું કે, તૈયાર થયેલો પાક હવે પાણી વિના બળી રહ્યો છે. એક તરફ કમોસમી વરસાદનો માર પડ્યો હતો અને હવે સિંચાઈનું પાણી ન મળતા ૨૦,૦૦૦ હેક્ટરમાં ખેતી જોખમમાં મુકાઈ છે. ખેડૂતોની માંગ છે કે અધિકારીઓ તાત્કાલિક સ્થળ મુલાકાત લઈ યુદ્ધના ધોરણે સમારકામ શરૂ કરાવે, અન્યથા ઉગ્ર આંદોલન છેડવામાં આવશે.



**ડભોઈમાં કેનાલમાં ગાબડાથી લાખો લિટર પાણી વેડફાયું, ખેડૂતો રોષે ભરાયા**

## વડોદરા: કેડિલાના રાજીવ મોદી સામે માનવ તસ્કરીના ગંભીર આક્ષેપ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાની ચીફ મેજિસ્ટ્રેટ કોર્ટમાં ફાઈલ થયેલો એક દાવો ગુજરાતના પાવર કોરિડોરમાં ભૂકંપ લાવી શકે તેમ છે. કેડિલા ફાર્માસ્યુટિકલ્સ જેવી નામી કંપનીના ચેરમેન રાજીવ મોદી, તેમના પુત્ર અને સલાહકાર સૌરભ ભાસ્કર સામે વિદેશી યુવતીઓની આંતરરાષ્ટ્રીય માનવ તસ્કરી અને શારીરિક શોષણનો સનસનાટીભર્યો આરોપ લાગ્યો છે. વ્હિસલ બ્લોઅરે કોર્ટમાં કરેલા દાવા મુજબ, 30 થી 35 વિદેશી યુવતીઓને ગેરકાયદેસર રીતે બિઝનેસ વિઝા પર ભારત લાવી, તેમને કેડિલા કંપનીના કર્મચારી તરીકે બતાવી ખરેખર માલિકોની અંગત હવસ સંતોષવા માટે ઉપયોગમાં લેવાતી હતી.

આ કેસની સૌથી ભયાનક વિગત એ છે કે આ યુવતીઓના ખોરાકમાં ગર્ભનિરોધક દવાઓ ભેળવવામાં આવતી હતી જેથી તેઓ કોઈ પણ સંજોગોમાં ગર્ભવતી ન બને અને શોષણ અવિરત ચાલતું રહે. યુવતીઓને 11 લાખ સુધીનો તગડો પગાર આપી તેમને કોઈ પણ ઓફિસ વર્ક વગર માત્ર માલિકની મિલકતો પર ટૂંકા વસ્ત્રોમાં રહેવાની ફરજ પડાતી હતી. આ કેસમાં ફોરેનર્સ રજિસ્ટ્રેશન ઓફિસરની ભૂમિકા પર પણ સવાલો ઉઠ્યા છે. પીએમઓ દ્વારા વડોદરા પોલીસ કમિશનરને અપાયેલા આદેશ બાદ ગોત્રી પોલીસે તપાસ તો કરી, પરંતુ શક્તિશાળી ઉદ્યોગપતિઓ સામે એફઆઈઆર નોંધવામાં પીછેહઠ થતી જોઈ વ્હિસલ બ્લોઅરે કોર્ટના દ્વાર ખખડાવ્યા છે.

વડોદરાની કોર્ટે આ મામલે પ્રાથમિક વેરિફિકેશન પૂર્ણ કરી લીધું છે અને હવે 10 ફેબ્રુઆરીના રોજ એડિશનલ મેજિસ્ટ્રેટ બી.એમ. મહિડાની કોર્ટમાં વધુ સુનાવણી થશે. આ કેસ એ સાબિત કરે છે કે કેવી રીતે કોર્પોરેટ જગતના ચમકતા ચહેરાઓ પાછળ અંધકારમય ગુનાખોરી છુપાયેલી હોઈ શકે છે. શું વડોદરા કોર્ટ આ મામલે એફઆઈઆર નોંધવાનો કડક આદેશ આપીને આ યુવતીઓને ન્યાય અપાવશે? કે પછી આ કેસ પણ ઉચ્ચ વગ ધરાવતા લોકોના દબાણમાં દબાઈ જશે? દૈનિક પલ્સ સમાચાર આ ગંભીર મુદ્દા પર નજર રાખી રહ્યું છે.

**દેશની દિગ્ગજ ફાર્મા કંપનીના માલિક અને પુત્ર દ્વારા ચલાવાતા કથિત માનવ તસ્કરી રેકેટનો પર્દાફાશ થયો છે. 35 વિદેશી યુવતીઓને નોકરીના બહાને લાવી શારીરિક શોષણ કરવાના ગંભીર આક્ષેપ સાથે વડોદરા કોર્ટમાં એફઆઈઆર નોંધવા દાવો દાખલ કરાતા ખળભળાટ મચી ગયો છે.**

## ડભોઈમાં ભજન સ્પર્ધામાં ચીમનભાઈ પટેલ વિદ્યા સંકુલના વિદ્યાર્થીઓ પ્રથમ

**દૈનિક પલ્સ સમાચાર:** ડભોઇ સ્થિત ચીમનભાઈ પટેલ વિદ્યા સંકુલે શૈક્ષણિક ઉત્કૃષ્ટતાની સાથે સાંસ્કૃતિક વારસાને જાળવવાની પોતાની પરંપરા અકબંધ રાખી છે. તાજેતરમાં સ્વ. મીનાબેન પ્રવીણચંદ્ર શાહની પુણ્યતિથિ પ્રસંગે બી.એડ. કોલેજ ખાતે ભવ્ય ભજન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ડભોઇની અનેક શાળાઓના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જેમાં ચીમનભાઈ પટેલ વિદ્યા સંકુલના વિદ્યાર્થીઓએ શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું.

શાળાના સંગીત શિક્ષક કંદર્પભાઈના માર્ગદર્શન હેઠળ તાલીમ મેળવીને પરમાર નવ્યા અને રોહિત વિશ્વા નામની વિદ્યાર્થીનીઓએ સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ બંને કલાકારોએ પોતાની મંત્રમુગ્ધ કરી દેતી પ્રસ્તુતિ દ્વારા ભક્તિમય વાતાવરણ ઊભું કર્યું હતું. તેમની સંગીતબદ્ધ રજૂઆતને જોઈ નિર્ણાયકોએ તેમને સંયુક્ત રીતે પ્રથમ ક્રમાંકના હકદાર જાહેર કર્યા હતા. વિજેતાઓને ટ્રોફી અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં



આવ્યા હતા. આ ગૌરવશાળી ક્ષણ પર આચાર્ય બળદેવભાઈ પટેલે ખુશી વ્યક્ત કરતા કહ્યું કે, શિક્ષણની સાથે કલા અને ભક્તિના સંસ્કારો પણ વિદ્યાર્થીઓ માટે અનિવાર્ય છે. આ સિદ્ધિ બદલ ડભોઇના રહીશો અને વાલીઓએ પણ શાળા અને વિજેતા વિદ્યાર્થીનીઓને સોશિયલ મીડિયા પર અભિનંદન પાઠવ્યા છે.

## ચેકમાં ખોટી સહી કરી એકાઉન્ટન્ટે 34.83 લાખ પડાવ્યા

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના અકોટા વિસ્તારમાં આવેલી ડિજિટલ મીડિયા કંપનીમાં એકાઉન્ટન્ટે વિશ્વાસઘાત કરીને લાખો રૂપિયા સેરવી લીધા છે. સિટી સાંઈ સ્ટાર ડિજિટલ મીડિયા પ્રા.લિ.ના મેનેજિંગ ડાયરેક્ટર જયેશ પંડ્યાએ વર્ષ 2017માં સચીન નંદના રાઉટેને એકાઉન્ટન્ટ તરીકે નોકરી પર રાખ્યો હતો. સચીને કંપનીના બેંક ખાતાના 11 ચેક પર માલિકની ખોટી સહીઓ કરી રૂા. 34.83 લાખની રકમ સાંઈ કેબલ ટીવી એન્ડ સર્વિસના ખાતામાં ટ્રાન્સફર કરી દીધી હતી. આ છેતરપિંડીનો ખુલાસો ત્યારે થયો જ્યારે કંપનીનો બેનેટ કોલોમલ કંપની સાથેનો ચેનલ પ્રસારણનો કરાર પેમેન્ટના અભાવે અટક્યો. સચીને કોમ્પ્યુટરની ટેલી સીટમાં ખોટી રીતે એડવાન્સ પેમેન્ટ બતાવ્યું હતું, પરંતુ વાસ્તવમાં આ રકમ અન્યત્ર વળાઈ હતી. આશ્ચર્યની વાત એ છે કે, સચીન 2023માં નોકરી છોડ્યા બાદ 2025માં ફરીથી જોડાયો હતો, પરંતુ તેના ખરાબ વર્તનને કારણે તેને કાઢી મૂકાયો હતો. હિસાબી તપાસમાં ભોપાળું બહાર આવતા જે.પી.રોડ પોલીસે ફરિયાદ નોંધી કાર્યવાહી શરૂ કરી છે.



સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

# વડોદરાના સેવાસી રોડ પર બેફામ ડમ્પરે કારને ફંગોળી ડિવાઈડર પર ચઢાવી

## વડોદરા અકસ્માત: બેફામ ડમ્પરે કારને ફંગોળી, પોલીસે શું કર્યું?



**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરામાં ભયમુક્ત ટ્રાફિકના દાવાઓ માત્ર કાગળ પર રહી ગયા છે, કારણ કે વાસ્તવિકતા સેવાસીના રસ્તાઓ પર રાત્રે જોવા મળે છે. સેવાસી ચેક પોસ્ટથી પ્રિયા ટોકીઝ રોડ પર ગત રાત્રે મોતનું તાંડવ ખેલતા ડમ્પરે એક નિર્દોષ કારચાલકને અડફેટે લીધો હતો. આ કોઈ સામાન્ય ટક્કર નહોતી, ડમ્પરની ગતિ એટલી પ્રચંડ હતી કે કાર પલટી ખાઈને ડિવાઈડર પર સવાર થઈ ગઈ હતી. ઘટનાસ્થળે એકત્ર થયેલા લોકોએ જોયું કે કેવી રીતે એક ડમ્પર ચાલકની લાપરવાહી કોઈનો હસતો-રમતો પરિવાર ઉજ્જડ કરી શકતી હતી. દુર્ભાગ્યપૂર્ણ બાબત એ છે કે, જ્યારે આવી ઘટના બને છે ત્યારે રક્ષણ આપનારી પોલીસ જ ભક્ષકોને છાવરતી નજરે પડે છે. તાલુકા પોલીસ મથકની હદમાં બનેલા આ બનાવમાં કારને મોટું આર્થિક નુકસાન થયું છે અને કારચાલક માનસિક આઘાતમાં છે, તેમ છતાં પોલીસ ડમ્પર ચાલક સામે એફઆઈઆર નોંધવાને બદલે તેને સમાધાનના રસ્તે જવા મજબૂર કરે છે. પીઆઈ વી.એમ. ટાંકે સ્પષ્ટ કર્યું કે બંને પક્ષો વચ્ચે સમાધાન થતા કોઈ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી નથી.

આ શું સૂચવે છે? શું વડોદરા પોલીસ ડમ્પર માલિકોના દબાણ હેઠળ છે? કે પછી સમાધાનના નામે કોઈ "મોટી ગોઠવણ" થઈ રહી છે? જ્યારે પોલીસ જ ગુનેગારોને દંડવાને બદલે હાથ મિલાવવાનું કામ કરતી હોય, ત્યારે જનતાએ ભગવાન ભરોસે જ રસ્તા પર નીકળવું પડશે. સેવાસી અને ભાયલી જેવા વિસ્તારોમાં ડમ્પરોની અવરજવર પર નિયંત્રણ લાવવાને બદલે પોલીસની આ નિષ્ક્રિયતા આવનારા દિવસોમાં કોઈ મોટી જાનહાનિને આમંત્રણ આપી શકે છે. દૈનિક પલ્સ સમાચાર સવાલ ઉઠાવે છે કે, શું પોલીસ તંત્ર કોઈ માસૂમનો જીવ જાય તેની રાહ જોઈ રહ્યું છે? સમાધાનની આ નબળી નીતિ જ બુટલેગરો અને બેફામ વાહનચાલકોના હોંસલા બુલંદ કરી

**વડોદરાના રસ્તાઓ હવે સુરક્ષિત નથી રહ્યા, ખાસ કરીને રાત્રિના સમયે ડમ્પર ચાલકો મોત બનીને દોડે છે. સેવાસી ચેક પોસ્ટ પાસે પાછળથી આવતા એક ડમ્પરે કારને ધડાકાભેર ટક્કર મારતા કાર હવામાં ફંગોળાઈને ડિવાઈડર પર ચડી ગઈ હતી. સદનસીબે મોટી જાનહાનિ ટળી છે, પરંતુ લોકોમાં ભયનો માહોલ છે. આશ્ચર્યની વાત એ છે કે, આવા ગંભીર અકસ્માત બાદ પણ તાલુકા પોલીસે કોઈ કડક કાર્યવાહી કરવાને બદલે બંને પક્ષો વચ્ચે સમાધાન કરાવી મામલો રફે-દફે કરી નાખ્યો છે. શું પોલીસ બુલેગરો અને ડમ્પર માફિયાઓ સામે લાચાર છે?**

# બરોડા ડેરીની ચૂંટણી 18 માર્ચે યોજાશે, કેતન ઈનામદારના ગંભીર આક્ષેપ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના સહકારી ક્ષેત્રમાં અત્યંત મહત્વ ધરાવતી બરોડા ડેરીની ચૂંટણીનો માર્ગ મોકળો થયો છે. હાઈકોર્ટના આદેશ બાદ ૧૮ માર્ચના રોજ મતદાન યોજાશે. આ જાહેરાત બાદ સાવલીના ધારાસભ્ય કેતન ઇનામદારે નિયામક મંડળ અને ડેરીના વહીવટ પર આકરા પ્રહારો કર્યા છે. ઇનામદારે જણાવ્યું કે, સહકાર વિભાગને કોર્ટે ફટકાર લગાવી તે યોગ્ય છે, કારણ કે અધિકારીઓની બેદરકારીને લીધે ચૂંટણી વિલંબમાં પડી હતી.

ધારાસભ્યના મતે, નિયામક મંડળે જે PIL કરી હતી તેનો મુખ્ય ઉદ્દેશ્ય વહીવટદારના શાસનને રોકવાનો હતો. તેમને ડર હતો કે જો વહીવટદારના અંડરમાં ચૂંટણી થશે તો તેમના અગાઉથી નક્કી કરેલા 'પ્લાન' નિષ્ફળ જશે અને સત્તા ટકાવવી મુશ્કેલ બનશે. કેતન ઇનામદારે કાચી મતદાર યાદી અંગે ગંભીર સવાલો ઉઠાવતા કહ્યું કે, મંડળીઓમાં કોઈ કમિટી મીટિંગો યોજાઈ નથી કે સભાસદોને જાણ કરવામાં આવી નથી, છતાં ઠરાવો મંગાવીને મનમાની કરવામાં આવી છે. આ માત્ર પ્રક્રિયા બતાવવાનો એક દેખાડો છે.

તેમણે ચૂંટણી અધિકારીને અનુરોધ કર્યો છે કે કાચી મતદાર યાદીમાં આવતા દરેક વાંધાની ઝીણવટભરી તપાસ થાય અને ત્યારબાદ જ પાકી યાદી પ્રસિદ્ધ થાય. પેટા નિયમોનો ખોટો ઉપયોગ કરીને ઉમેદવારોને ગેરલાયક ઠેરવવાની કે બિનહરીફ કરવાની ચાલ સામે પણ તેમણે વિરોધ નોંધાવ્યો છે. ઇનામદારે ભારપૂર્વક કહ્યું કે, બરોડા ડેરી એ લાખો પશુપાલકોની આજીવિકાનું સાધન છે, તેથી ચૂંટણી પ્રક્રિયામાં સંપૂર્ણ પારદર્શિતા હોવી અનિવાર્ય છે. તેમણે ખાતરી આપી કે પશુપાલકોના હિત માટે તેઓ ચૂંટણીની તમામ ગતિવિધિઓ પર ચાંપતી નજર રાખશે અને તટસ્થ ચૂંટણી માટે લડત આપશે.

**ગુજરાત હાઈકોર્ટના આદેશ બાદ બરોડા ડેરીની ચૂંટણી ૧૮ માર્ચના રોજ જાહેર થઈ છે. સાવલીના ધારાસભ્ય કેતન ઇનામદારે આ જાહેરાતને આવકારી છે, પરંતુ મતદાર યાદીમાં ગેરરીતિ અને પેટા નિયમોના દુરુપયોગ અંગે ગંભીર આક્ષેપો કરી તટસ્થ તપાસની માંગ કરી છે.**

# JCBમાં જોખમી સવારી કરાવનાર ડ્રાઈવરની ધરપકડ, માફી માગી

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના વ્યસ્ત એવા ખોડિયારનગર વિસ્તારમાં ટ્રાફિક નિયમોના ધજાગરા ઉડાવતો એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. એક જેસીબી ડ્રાઇવરે સાતથી આઠ શ્રમિકોને જેસીબીના આગળના ભાગમાં જોખમી રીતે બેસાડી પૂરપાટ ઝડપે વાહન હંકાર્યું હતું. આ દ્રશ્યો નજીકથી પસાર થતા એક જાગૃત નાગરિકે કેમેરામાં કેદ કરી વાયરલ કર્યા હતા. જેસીબીમાં આગળ અને પાછળના ભાગે જે રીતે શ્રમિકો લટકતા હતા, તે કોઈ મોટી દુર્ઘટનાને આમંત્રણ આપી શકે તેમ હતું.

આ વીડિયોના આધારે હરણી પોલીસે તાત્કાલિક તપાસ હાથ ધરી ડ્રાઇવર મુમતાજ હકીમ મિયા આલમની ધરપકડ કરી છે. મૂળ બિહારના આ ડ્રાઇવરને પોલીસ સ્ટેશન લાવી તેની સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. પોલીસે ડ્રાઇવરને પોતાની ભૂલનો અહેસાસ કરાવવા પોલીસ સ્ટેશનમાં કાન પકડાવી ઉઠક-બેઠક કરાવી હતી. ત્યારબાદ ડ્રાઇવરે જાહેર જનતા સમક્ષ માફી માગી હતી કે, "આ મારી ભૂલ હતી, હવે પછી આવું ક્યારેય નહીં કરું." શહેરમાં વધતા અકસ્માતો વચ્ચે આવી બેદરકારી ગંભીર ચિંતાનો વિષય છે.



## વડોદરા: ગોવાથી કારમાં ટાંકી બનાવી દારૂ લાવતો શખ્સ ઝડપાયો

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા શહેર જાણે બુટલેગરોનું મોકળું મેદાન બની ગયું હોય તેમ દંતેશ્વરનો એક શાતિર બુટલેગર ગોવાથી કારમાં દારૂ છુપાવવા માટે ખાસ એન્જિનિયરિંગનો ઉપયોગ કરી વડોદરા પહોંચ્યો હતો. આરોપી અમિત સોલંકીએ રાજસ્થાનમાં તેની કારમાં ત્રણ ગુપ્ત ટાંકીઓ ફીટ કરાવી હતી, જેના ઢાંકણ પાછળની લાઈટ અને સીટની પાછળ છુપાવ્યા હતા. પીસીબી પોલીસે તરસાલી શાક માર્કેટ પાસે વોચ ગોઠવી આ હરતા-ફરતા 'દારૂના ડેપો'ને ઝડપી પાડ્યો ત્યારે પોલીસ પણ ચોંકી ઉઠી હતી.

બુટલેગર ગોવાના બારમાંથી છુટક દારૂ ખરીદી ટાંકીઓમાં ભરી વડોદરામાં વેચતો હતો. આ દારૂ કાઢવા માટે તેણે ટાયર ગાર્ડમાં ગુપ્ત વાલ્વ પણ બનાવ્યા હતા. પોલીસે ૨૪૫ લિટર છુટક દારૂ અને બોટલો મળી ₹૩.૯૧ લાખનો દારૂ, ₹૫ લાખની કાર અને મોબાઈલ સહિત કુલ ₹૯.૧૭ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. કાયદાની આંખમાં ધૂળ નાખતી આ પ્રકારની મોડસ ઓપરેન્ડી દર્શાવે છે કે બુટલેગરોમાં હવે પોલીસનો કોઈ ડર રહ્યો નથી.

## વડોદરા: ટેમ્પોમાંથી દારૂનું કટિંગ કરતા ₹26 લાખનો મુદ્દામાલ જપ્ત

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા પોલીસના નાકની નીચે બુટલેગરો કેટલા મજબૂત છે તેનો પુરાવો વાસ તળાવ કિનારે થયેલી રેડમાં જોવા મળ્યો છે. એલસીબી ઝોન-૩ની ટીમે પેટ્રોલિંગ દરમિયાન બાતમીના આધારે વાઘોડિયા રોડ પર ચાલી રહેલા દારૂના મસમોટા કટિંગનો પર્દાફાશ કર્યો છે. બુટલેગર ભાવેશ રાજપૂતે બંધ બોડીના ટેમ્પોમાં વિદેશી દારૂનો જથ્થો મંગાવ્યો હતો અને નારાયણ ફ્લેટ પાસે તેનું વિતરણ અન્ય ગાડીઓમાં કરવામાં આવી રહ્યું હતું.

પોલીસે રેડ દરમિયાન ₹૧૯.૦૬ લાખનો દારૂ, ₹૭.૫૦ લાખના ચાર વાહનો અને ૨૬ પ્લાસ્ટિકના ડ્રમ મળી કુલ ₹૨૬.૫૯ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. મિતેશ રાજપૂત અને વિક્રમ બારીયાને જેલના સળિયા પાછળ ધકેલી દેવાયા છે, પરંતુ આ રેકેટનો અસલી માસ્ટરમાઇન્ડ ભાવેશ રાજપૂત હજુ પણ પોલીસ પકડથી દૂર છે. આ ઘટના સાબિત કરે છે કે વડોદરામાં પોલીસના દરોડા છતાં બુટલેગરોનું નેટવર્ક એટલું સક્ષમ છે કે તેઓ વગર ડરે હજારો લીટર દારૂ શહેરમાં ઘુસાડી દે છે. મુખ્ય સૂત્રધાર અને તેના સાથીદારો ફરાર થતા પોલીસની કામગીરી પર પણ શંકાની સોય તણાય છે. શું આ બુટલેગરોને આશીર્વાદ આપનારા સફેદપોશ લોકો સામે કોઈ તપાસ થશે ખરી?

## વડોદરા: સ્કૂલ બંધ કરાવવા હત્યા કરનારને આજીવન કેદ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના બરાનપુરા વિસ્તારની એક શાળાના શૌચાલયમાં 22 જૂન 2018 ના રોજ જે કરપીણ હત્યા થઈ હતી, તેણે સમગ્ર ગુજરાતને હચમચાવી નાખ્યું હતું. માસૂમ દેવ તડવીએ ધોરણ 9 માં એડમિશન લીધાને હજુ માંડ બે દિવસ થયા હતા, ત્યાં જ ધોરણ 10 ના એક સિનિયર વિદ્યાર્થીએ તેના પર ચાકુના 30 ઘા મારીને હત્યા કરી નાખી. આ હત્યા પાછળનું કારણ જાણીને પોલીસ પણ ચોંકી ઉઠી હતી - હત્યારા વિદ્યાર્થીને શિક્ષકે ઠપકો આપ્યો હોવાથી તેને સ્કૂલમાં રજા પડાવવી હતી અને રજા પાડવા માટે કોઈનું ખૂન કરવું તેને સામાન્ય લાગ્યું હતું. વાડી પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે આ ખૂની ખેલનો પર્દાફાશ કર્યો હતો, જેમાં હત્યારા વિદ્યાર્થીના હાથમાંથી લોહી નીતરતું દેખાતું હતું. ચિલ્ડ્રન કોર્ટે આ કેસની સુનાવણીમાં નોંધ્યું કે આરોપીની માનસિકતા અત્યંત વિકૃત અને ભયાનક છે. ઓળખતા પણ ન હોય તેવા બાળકને માત્ર પોતાનો સ્વાર્થ સાધવા મારી નાખવો એ ક્ષમાપાત્ર નથી. અધિક સેશન્સ જજે આરોપીને આજીવન કેદ અને ₹10 હજારનો દંડ ફટકાર્યો છે. કોર્ટે ટિપ્પણી કરી કે આટલી ક્રૂરતાને હળવાશથી લઈ શકાય નહીં. શિક્ષણના મંદિરમાં રક્તપાત કરનાર આ નરાધમને હવે આખું જીવન જેલના સળિયા પાછળ વિતાવવું પડશે. દેવ તડવીના પરિવાર માટે આ ન્યાય મોડો તો છે, પણ એ રાક્ષસી માનસિકતાને જેલ ભેગી કરનારો છે.

# વડોદરામાં એક વર્ષના બાળકના ફેફસામાંથી સફળતાપૂર્વક LED બલ્બ કઢાયો

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરામાં 2018માં શિક્ષણના મંદિરમાં જે લોહીની હોળી રમાઈ હતી, તેમાં આખરે છ વર્ષે ન્યાય મળ્યો છે. બરાનપુરા વિસ્તારની શાળાના શૌચાલયમાં ધોરણ 9 ના માસૂમ વિદ્યાર્થી દેવ તડવીની કરપીણ હત્યા કરનાર સિનિયર વિદ્યાર્થીને સ્પેશિયલ ચિલ્ડ્રન કોર્ટે આજીવન કેદની આકરી સજા ફટકારી છે. આ કેસની વિગતો કોઈ હરર ફિલ્મની સ્ક્રિપ્ટ જેવી ભયાનક છે.

તપાસમાં ખુલાસો થયો હતો કે હત્યારા વિદ્યાર્થીને વર્ગશિક્ષકે ઠપકો આપ્યો હતો, જેની અદાવત રાખીને તેને સ્કૂલ બંધ કરાવી દેવી હતી. સ્કૂલમાં રજા પડાવવાના રાક્ષસી ઈરાદા સાથે તેણે એવા દેવ તડવીને નિશાન બનાવ્યો જેને તે ઓળખતો પણ નહોતો. એડમિશનના બીજા જ દિવસે દેવ જ્યારે શૌચાલયમાં ગયો ત્યારે આ નરાધમે તેના પર ચાકુથી એક પછી એક 30 ઘા ઝીંકી દીધા. સીસીટીવીમાં હત્યારો લોહીલુહાણ કપડાં અને હાથમાં છરો લઈને ભાગતો કેદ થયો હતો, જે દ્રશ્યો રૂંવાડા ઉભા કરી દે તેવા હતા. ચિલ્ડ્રન કોર્ટના જજ શકુન્તલા સોલંકીએ ચુકાદો આપતા કહ્યું કે, ગુનો આચરતી વખતે આરોપીની ઉંમર 16 વર્ષ હતી, પરંતુ તેની ગુનાહિત માનસિકતા અને ક્રૂરતા પુખ્ત વયના ગુનેગારથી પણ વધુ ભયાનક હતી. તેને પોતાનો ઈરાદો પાર પાડવા માટે એક નિર્દોષનો ભોગ લેતા સહેજ પણ ખચકાટ થયો નહોતો. ફરિયાદી પક્ષના વકીલની દલીલોને ગ્રાહ્ય રાખી કોર્ટે આરોપીને આજીવન કેદ અને દંડ ન ભરે તો વધુ છ મહિનાની સજા ફટકારી છે. આ ચુકાદો સમાજ માટે એક લાલબત્તી સમાન છે કે બાળકોની માનસિકતામાં ઘર કરી ગયેલી હિંસા કેવા ભયાનક પરિણામો લાવી શકે છે. દેવ તડવી હવે પાછો નહીં આવે, પરંતુ આ સજા તેને મારનાર નરાધમ માટે ચોક્કસપણે કુદરતનો અને કાયદાનો ન્યાય છે.

**વડોદરાની ગોત્રી હોસ્પિટલમાં આણંદના એક વર્ષના બાળકના ફેફસામાંથી એક સેન્ટીમીટરનો LED બલ્બ સર્જરી દ્વારા બહાર કઢાયો છે. છેલ્લા દોઢ મહિનાથી શ્વાસની તકલીફ અને ન્યુમોનિયાથી પીડાતા બાળકને ENT વિભાગના નિષ્ણાતોએ જટિલ ઓપરેશન બાદ નવજીવન આપ્યું છે.**

### નક્સલી વિસ્તારમાંથી 27 લાખના ગાંજાનો મુખ્ય સપ્લાયર ઝડપાયો



**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા પોલીસે ગાંજાના નેટવર્કને તોડવા માટે મોટું ઓપરેશન હાથ ધર્યું છે. ૨૭ લાખના ગાંજાના કેસમાં વોન્ટેડ મુખ્ય સપ્લાયર રમેશ બિશ્નોઈ છત્તીસગઢના નક્સલ પ્રભાવિત જંગલોમાં છુપાયો હોવાની બાતમી મળતા એસ.ઓ.જી.ની ટીમ ત્યાં પહોંચી હતી. ૫૦ કિમીના જંગલ વિસ્તારમાં જીવના જોખમે તપાસ કરી, પોલીસે કલ્લેમેટા ગામના ખેતરમાં ટ્રેક્ટર ચલાવતા આરોપીને દબોચી લીધો હતો. આ આરોપીને આજે વડોદરા કોર્ટમાં રજૂ કરી રિમાન્ડની માંગણી કરવામાં આવશે.

### વડોદરા: વિશ્વામિત્રી નદીમાં મગરોની વસ્તી ગણતરીનો પ્રારંભ



**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરામાં વિશ્વામિત્રી નદીના ૨૫ કિમીના પટમાં મગરોની ગણતરી આવતીકાલે ૭ ફેબ્રુઆરીએ હાથ ધરાશે. MS યુનિવર્સિટીના ઝૂઓલોજી વિભાગ, વન વિભાગ અને NGO દ્વારા ૧૦ ઝોનમાં આ કામગીરી થશે. સવારે ૯ થી ૧૧ ડાયરેક્ટ સાઈટીંગ અને રાત્રે ૮ થી ૧૦ ટોર્ચ લાઈટની મદદથી મગરોની આંખોના ચમકારા દ્વારા ગણતરી કરાશે. આ સર્વેમાં મગરોની સંખ્યાની સાથે તેમના રહેઠાણમાં થયેલા ફેરફારોનું પણ ડોક્યુમેન્ટેશન કરવામાં આવશે.

### હરણી લેકઝોન પાસે કારમાં ભીષણ આગ: સદનસીબે જાનહાનિ ટળી



**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના ગોલ્ડન ચોકડીથી એરપોર્ટ તરફ જતા માર્ગ પર હરણી લેકઝોન સામે ગત રાત્રે એક ચાલતી કારમાં આગ લાગી હતી. જાવેદખાન પઠાણની માલિકીની સ્વિફ્ટ કાર જોતજોતામાં આગની લપેટમાં આવી ગઈ હતી. ઘટનાની જાણ થતા ERC ફાયર સ્ટેશનની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને આગ પર કાબૂ મેળવ્યો હતો. આગના કારણે થોડો સમય ટ્રાફિક જામ થયો હતો, પરંતુ સદનસીબે કારમાં સવાર લોકો સુરક્ષિત છે.

# વડોદરા: ૧૪૧ બેઠકની મતદાર યાદીમાં ફર્જી વાંધાના કોંગ્રેસના આક્ષેપ

## વડોદરા મતદાર યાદી વિવાદ: ૪૫૬૯ વાંધા અરજીઓ પર સવાલ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા વિધાનસભા બેઠક નં. ૧૪૧ ની મતદાર યાદીની પવિત્રતા જાળવવા મુદ્દે કોંગ્રેસ પક્ષ મેદાનમાં આવ્યો છે. મતદાર યાદી સુધારણા પ્રક્રિયામાં ભાજપ કે અન્ય નાગરિકો દ્વારા જે ૪,૫૬૯ વાંધાઓ રજૂ કરાયા છે, તેમાં ગંભીર ક્ષતિઓ હોવાનું કોંગ્રેસે પકડ્યું છે. શહેર કોંગ્રેસ પ્રમુખ ઋત્વિજ જોષીએ આક્ષેપ કર્યો છે કે, વાંધો ઉઠાવનાર અનેક અરજદારોનો કોઈ પતો નથી અને તેમના દ્વારા આપવામાં આવેલા EPIC નંબર પણ અસત્ય કે અધૂરા છે. આ પરિસ્થિતિમાં કોંગ્રેસે બે મુખ્ય પ્રશ્નો ઉઠાવ્યા છે: પ્રથમ, ચૂંટણી પંચે ઓળખ વગરના આટલા મોટા જથ્થામાં વાંધાઓ કયા આધારે સ્વીકાર્યા? અને બીજું, શું આ પ્રક્રિયામાં કોઈ ચોક્કસ હિત સંતોષવાનો પ્રયાસ થયો છે? કોંગ્રેસ પક્ષની સ્પષ્ટ માંગ છે કે જિલ્લા ચૂંટણી અધિકારી અને સંબંધિત AERO આ મુદ્દે તાત્કાલિક જાહેરમાં જવાબ આપે. ખોટી રીતે વાંધાઓ ઉભા કરી ચૂંટણી પ્રક્રિયાને પ્રભાવિત કરનારાઓ સામે રાષ્ટ્રદ્રોહ જેવી કડક કલમો હેઠળ કાર્યવાહી થવી જોઈએ. લોકશાહીમાં મતદાર યાદી એ સૌથી પાયાનો દસ્તાવેજ છે અને તેની સાથેના છેડા કોઈપણ સંજોગોમાં ચલાવી શકાય નહીં. ઋત્વિજ જોષીએ ચીમકી આપી છે કે જો આ મામલે પારદર્શક તપાસ કરવામાં નહીં આવે તો કોંગ્રેસ પક્ષ આ લડતને અંત સુધી લડશે અને ન્યાયની માંગ કરશે.



**વડોદરાની ૧૪૧ વિધાનસભા બેઠકની મતદાર યાદી સુધારણામાં અંદાજે ૪,૫૬૯ વાંધા અરજીઓ સામે કોંગ્રેસે સવાલો ઉઠાવ્યા છે. અનેક અરજદારોના EPIC નંબર ખોટા કે શંકાસ્પદ હોવાનો આક્ષેપ કરી શહેર કોંગ્રેસ પ્રમુખ ઋત્વિજ જોષીએ ચૂંટણી અધિકારી પાસે તાત્કાલિક સ્પષ્ટતાની માંગ કરી છે.**

# દેવાયત ખવડને ઝટકો: હાઈકોર્ટે ગણાવ્યો માથાભારે અને કુખ્યાત

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાત હાઈકોર્ટે લોક સાહિત્યકાર દેવાયત ખવડના ઘમંડને આકરા શબ્દોમાં તોડી પાડ્યો છે. પોતાની છબી સુધારવા અને કેસ રદ કરાવવા હાઈકોર્ટના શરણે ગયેલા ખવડને ત્યારે મોટો આંચકો લાગ્યો જ્યારે કોર્ટે તેને 'કુખ્યાત અને માથાભારે' જાહેર કર્યો. દેવાયત ખવડ સામે ૬ જેટલા ગુના નોંધાયેલા છે, જેમાંથી ત્રણમાં તે છૂટ્યો છે અને બેમાં સમાધાન કર્યું છે, પરંતુ તેની ગુનાહિત માનસિકતા હજુ પણ બરકરાર છે.

ચાંગોદર પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદમાં અમદાવાદ ગ્રામ્ય કોર્ટે માર્ચ મહિનામાં તેને જામીન આપ્યા હતા, પરંતુ શરત હતી કે તે કોઈ ગુનો નહીં કરે. આ શરતનો ભંગ કરીને તેણે તાલાલામાં ધ્રુવરાજસિંહ ચૌહાણ પર ખૂની હુમલો કર્યો. જામીન પર હોવા છતાં જીવલેણ હુમલો કરવો એ તેની માથાભારે પ્રકૃતિનો પુરાવો છે. આ વર્તનને કારણે ગ્રામ્ય કોર્ટે તેને ૩૦ દિવસમાં સરેન્ડર થવા આદેશ આપ્યો છે. હાઈકોર્ટમાં તેની અપીલ પર સુનાવણી ચાલુ છે, પરંતુ જે રીતે કોર્ટે તેને ફટકાર લગાવી છે, તેનાથી સ્પષ્ટ થાય છે કે હવે આ કલાકારની કાયદાકીય મુશ્કેલીઓનો અંત નજીક નથી. કલાના નામે ગુંડાગીરી કરનારા તત્વો માટે હવે જેલના સળિયા જ એકમાત્ર આશરો જણાય છે.



# હિંમતનગર: ૨૭ પરગણા વણકર સમાજના સમૂહલગ્નમાં ૨૧ જોડાના લગ્ન

**દૈનિક પલ્સ સમાચાર:** સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર ખાતે સામાજિક સમરસતાના દર્શન કરાવતો શ્રી ૨૭ પરગણા વણકર સમાજનો તૃતીય સમૂહલગ્નોત્સવ સંપન્ન થયો હતો. હિંમતનગરના સહકારી જિન વિસ્તારમાં આવેલ મોડાસિયા કડવા સમાજવાડી ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં ૨૧ નવદંપતિઓએ હસ્તમેળાપ કરી લગ્નજીવનના શ્રીગણેશ કર્યા હતા.

સમૂહલગ્નોત્સવનું આયોજન સમાજના ઉત્થાન અને મોંઘવારીના સમયમાં પરિવારોને આર્થિક રાહત આપવાના ઉમદા હેતુથી કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજ્યકક્ષાના મંત્રી દર્શનાબેન વાઘેલા, સાંસદ શોભનાબેન બારૈયા અને ધારાસભ્ય વી.ડી. ઝાલાએ નવદંપતિઓને આશીર્વાદ આપ્યા હતા અને સમાજની આ પ્રવૃત્તિને બિરદાવી હતી. સમાજ દ્વારા દરેક દંપતિને કરીયાવરમાં જીવનજરૂરી ઘરવપરાશની વસ્તુઓ ભેટ આપવામાં આવી હતી. આયોજનને સફળ બનાવવા માટે સલાહકાર સમિતિ અને સમાજના યુવાનોએ ભારે જહેમત ઉઠાવી હતી. પૂર્વ ધારાસભ્ય મણિભાઈ વાઘેલા અને સમાજના પ્રમુખ મનહરભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે આવા આયોજનોથી સમાજમાં એકતા વધે છે અને આર્થિક બચત પણ થાય છે. ભોજન અને અન્ય વ્યવસ્થાઓ પણ સુચારુ રીતે જળવાઈ રહી હતી. **રિપોર્ટ : ઘનશ્યામસિંહ પરમાર**



**હિંમતનગરના સહકારી જિન પાસે શ્રી ૨૭ પરગણા વણકર સમાજ દ્વારા તૃતીય સમૂહલગ્નોત્સવ યોજાયો હતો. જેમાં ૨૧ નવદંપતિઓએ પ્રભુતામાં પગલાં પાડ્યા હતા. આ પ્રસંગે મંત્રી દર્શનાબેન વાઘેલા સહિતના મહાનુભાવોએ ઉપસ્થિત રહી નવદંપતિઓને આશીર્વાદ પાઠવ્યા હતા.**

# સેવન્થ ડે સ્કૂલ વિવાદ: વિદ્યાર્થી પર હુમલો અને બેદરકારી

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદના ખોખરા વિસ્તારમાં આવેલી સેવન્થ ડે સ્કૂલમાં શિસ્તના નામે થયેલી માથાકૂટે હિંસક સ્વરૂપ ધારણ કર્યું છે. શાળાના ધોરણ 7 ના મોનિટર વિદ્યાર્થીએ અન્ય વિદ્યાર્થીઓને લાઈનમાં આવવા કહેતા, ત્રણ વિદ્યાર્થીઓએ ઉશ્કેરાઈને તેની પર હુમલો કર્યો હતો. આ વિદ્યાર્થીઓએ મોનિટરને માર મારી બ્લેડ વડે તેના શર્ટના બટન તોડી નાખ્યા હોવાની ફરિયાદ નોંધાઈ છે. આ ઘટનામાં શાળા તંત્રની મોટી બેદરકારી સામે આવી છે, કારણ કે વાલીએ અગાઉ જાણ કરી હોવા છતાં કોઈ સુરક્ષાત્મક પગલાં લેવાયા નહોતા. ઘટના બાદ પણ શાળાએ DEO કચેરીને અંધારામાં રાખી હતી. સમગ્ર મામલો સામે આવતા અમદાવાદ શહેર DEO રોહિત ચૌધરીએ આચાર્ય અને એડમિનિસ્ટ્રેટરને સસ્પેન્ડ કેમ ના કરવા તે અંગે નોટિસ પાઠવી છે. બીજી તરફ, NSUI એ પણ સ્કૂલની બહાર વિરોધ પ્રદર્શન કરી જવાબદારો સામે કડક કાર્યવાહીની માંગ કરી છે. હાલ ખોખરા પોલીસે વિદ્યાર્થીનો શર્ટ કબ્જે કરી કાયદેસરની તપાસ શરૂ કરી છે.

**અમદાવાદની સેવન્થ ડે સ્કૂલમાં મોનિટર વિદ્યાર્થીને ત્રણ સહપાઠીઓએ માર મારી બ્લેડથી શર્ટ ફાડી નાખ્યો હતો. શાળા તંત્રની ઘોર બેદરકારી બદલ DEO એ આચાર્યને નોટિસ ફટકારી છે, જ્યારે પોલીસે ત્રણ વિદ્યાર્થીઓ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.**

# ₹20 ની લાંચ: 30 વર્ષની લડત જીત્યા બાદ કોન્સ્ટેબલનું નિધન

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદમાં બનેલી આ ઘટના ન્યાયતંત્ર અને માનવીય સંવેદનાનો અજોડ કિસ્સો છે. 1996માં વેજલપુર વિસ્તારમાં એસીબીની ટ્રેપ દરમિયાન કોન્સ્ટેબલ બાબુભાઈ પ્રજાપતિ સામે 20 રૂપિયાની લાંચના આક્ષેપ સાથે ફરિયાદ નોંધાઈ હતી. 2004માં નીચલી કોર્ટે તેમને સજા કરી હતી, પરંતુ સત્ય સાબિત કરવા બાબુભાઈએ હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા હતા. છેલ્લા 30 વર્ષથી તેઓ આર્થિક અને માનસિક સંઘર્ષ વેઠી રહ્યા હતા. આખરે 4 ફેબ્રુઆરી 2026ના રોજ હાઈકોર્ટે તેમને તમામ આરોપોમાંથી મુક્ત કર્યા. ચુકાદા બાદ તેઓ વકીલની ઓફિસે પહોંચ્યા ત્યારે વકીલે તેમને રોકાઈ ગયેલા સરકારી લાભો માટે અરજી કરવા સૂચવ્યું. જોકે, બાબુભાઈ માટે આર્થિક લાભ કરતા સન્માન વધુ મહત્વનું હતું. તેમણે હળવા હૈયે વકીલને કહ્યું હતું કે હવે માથેથી કલંક ઉતરી ગયો છે, હવે મૃત્યુ આવે તો પણ વાંધો નથી. આ વાત કહ્યાના ગણતરીના કલાકોમાં જ ઘરે ગયા બાદ બીજા દિવસે તેમનું નિધન થયું. 20 રૂપિયાના આરોપે તેમના જીવનના ત્રણ દાયકા છીનવી લીધા, પરંતુ અંતિમ સમયે તેઓ નિર્દોષ સાબિત થઈને આ દુનિયામાંથી વિદાય થયા.

**અમદાવાદના કોન્સ્ટેબલ બાબુભાઈ પ્રજાપતિ 30 વર્ષની કાનૂની લડત બાદ ₹20ની લાંચના કેસમાં નિર્દોષ સાબિત થયા છે. ગુજરાત હાઈકોર્ટે કલંક દૂર કર્યાના બીજા જ દિવસે તેમનું કુદરતી નિધન થયું હતું, જેણે ન્યાયિક પ્રણાલીમાં વિલંબ સામે અનેક સવાલો જગાડ્યા છે.**

# ગુજરાત યુનિવર્સિટી: ગેસ્ટ હાઉસમાં NSS વોલેન્ટિયરનો આપઘાત

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાત યુનિવર્સિટી કેમ્પસમાં આવેલ ગેસ્ટ હાઉસમાં એક વિદ્યાર્થિનીના આપઘાતની ઘટનાએ સૌને હચમચાવી દીધા છે. ૨૧ વર્ષીય મહેશ્વરી ખાચર, જે બોટાદની મૂળ રહેવાસી અને અમદાવાદની એલ.ડી. આર્ટ્સ કોલેજમાં ત્રીજા વર્ષની વિદ્યાર્થિની હતી, તેણે ગેસ્ટ હાઉસના રૂમની બારીમાં ગળેફાંસો ખાઈ પોતાનું જીવન ટૂંકાવ્યું છે. મહેશ્વરી યુનિવર્સિટીમાં યોજાઈ રહેલા NSS કેમ્પમાં સિનિયર વોલેન્ટિયર તરીકે ફરજ બજાવી રહી હતી. મળતી માહિતી મુજબ, ગઈકાલે સવારથી તે યુનિવર્સિટીના શ્યામ પ્રસાદ મુખર્જી હોલમાં ચાલી રહેલા કાર્યક્રમોમાં વ્યસ્ત હતી. સાંજે ૫ વાગ્યે તેને કોલકાતાથી આવતા મહેમાનોના રિસેપ્શન માટે એરપોર્ટ જવાની જવાબદારી સોંપવામાં આવી હતી. બપોરે ૩:૩૦ વાગ્યે તે હોલથી નીકળીને ગેસ્ટ હાઉસ ગઈ હતી. લાંબા સમય સુધી તે પરત ન આવતા પ્રોફેસરે અન્ય એક વિદ્યાર્થિનીને મહેશ્વરીને બોલાવવા મોકલી હતી. જ્યારે તેની મિત્ર ગેસ્ટ હાઉસના રૂમ પર પહોંચી ત્યારે દરવાજો ખોલતા જ તેણે મહેશ્વરીને બારી પાસે લટકતી હાલતમાં જોઈ હતી. મિત્રની ચીસ સાંભળી આસપાસના લોકો દોડી આવ્યા હતા અને પ્રોફેસરો સહિત યુનિવર્સિટી તંત્રને જાણ કરાઈ હતી. ઘટનાની જાણ થતાં જ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના ઉચ્ચ અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. પોલીસે પ્રાથમિક તપાસમાં રૂમની જપ્તી કરી છે અને FSL ના અધિકારીઓની મદદથી પંચનામું કર્યું છે. મહેશ્વરીના મિત્રોના જણાવ્યા મુજબ, તે કામમાં ખૂબ જ ઉત્સાહી હતી અને તેની વર્તણૂકમાં કોઈ ફેરફાર દેખાતો નહોતો, જેના કારણે આ આત્મઘાતી પગલું સૌના માટે આઘાતજનક છે. પોલીસે હાલ અકસ્માતે મોતનો ગુનો નોંધીને વિદ્યાર્થિનીના મોબાઈલ ફોન અને અંગત ડાયરીની તપાસ શરૂ કરી છે જેથી આપઘાતના રહસ્ય પરથી પડદો ઉઠી શકે.

**ગુજરાત યુનિવર્સિટીના ગેસ્ટ હાઉસમાં NSS કેમ્પ દરમિયાન ૨૧ વર્ષીય વિદ્યાર્થિની મહેશ્વરી ખાચરે આપઘાત કર્યો છે. એલ.ડી. આર્ટ્સ કોલેજમાં અભ્યાસ કરતી અને સિનિયર વોલેન્ટિયર તરીકે ફરજ બજાવતી વિદ્યાર્થિનીએ ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું છે, જે અંગે પોલીસ તપાસ ચાલુ છે.**

# ભાજપ પ્રદેશ મહામંત્રીનો દેવલિયા ખાતે અભિવાદન સમારોહ

**દૈનિક પલ્સ સમાચાર:** નર્મદા જિલ્લાના દેવલિયા ખાતે ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ મહામંત્રી ડૉ. પ્રશાંત કોરાટનો અભિવાદન સમારોહ ઉત્સાહભર્યા વાતાવરણમાં યોજાયો હતો. દક્ષિણ ઝોનના પ્રભારી તરીકે પ્રશાંત કોરાટ પ્રથમ વખત નર્મદા જિલ્લાના પ્રવાસે પહોંચતા કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. તિલકવાડા તાલુકાના દેવલિયા ખાતે આદિવાસી સંસ્કૃતિ મુજબ ઢોલ-નગારા અને લોકનૃત્ય સાથે તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરી બેઠકની શરૂઆત કરવામાં આવી હતી. આ અવસરે જિલ્લાના નવનિયુક્ત હોદ્દેદારોનું પણ પુષ્પગુચ્છ આપી સન્માન કરાયું હતું. પ્રશાંત કોરાટે કાર્યકરોને સંબોધતા આગામી ચૂંટણીઓની રણનીતિ અંગે ચર્ચા કરી હતી. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, તિલકવાડા તાલુકાની તમામ ૧૬ તાલુકા પંચાયત બેઠકો અને ૩ જિલ્લા પંચાયત બેઠકો પર ભાજપના ઉમેદવારો વિજેતા બનશે. બુથ વિજયના સંકલ્પ સાથે કાર્યકર્તાઓને જનસંપર્ક તેજ કરવા તેમણે આહ્વાન કર્યું હતું.

**રિપોર્ટ : વસીમ મેમન**



**નર્મદાના દેવલિયા ખાતે ભાજપ પ્રદેશ મહામંત્રી ડૉ. પ્રશાંત કોરાટનો ભવ્ય અભિવાદન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે તેમનું આદિવાસી નૃત્ય અને ઢોલ-નગારા સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમણે આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ભાજપના ભવ્ય વિજય માટે કાર્યકરોને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.**

# રાજકોટ: મનપાનું ફરિયાદ કેન્દ્ર રામભરોસે, 155304 નંબર ઠપ્પ

**દૈનિક પલ્સ સમાચાર**: રાજકોટને સ્માર્ટ સિટી બનાવવાની વાતો હવે માત્ર કાગળ પરની કવિતા હોય તેમ લાગે છે. શહેરની જીવનરેખા સમાન 'ફરિયાદ નિવારણ કેન્દ્ર' છેલ્લા ચાર દિવસથી વેન્ટિલેટર પર છે. બીએસએનએલના સર્વરમાં સર્જાયેલી ખામીને કારણે 155304 નંબર સંપૂર્ણપણે બંધ છે, જેના કારણે લાખો નાગરિકો પાયાની જરૂરિયાતો માટે ફરિયાદ પણ કરી શકતા નથી. દર વર્ષે સરેરાશ ચાર લાખ જેટલી ફરિયાદો સ્વીકારતા આ કોલ સેન્ટરમાં અત્યારે સ્મશાનવત શાંતિ છે. કોઈપણ નેટવર્કથી કોલ કરવામાં આવે તો તે તરત જ કટ થઈ જાય છે. મનપાના એન્જિનિયરો અને અધિકારીઓ બીએસએનએલ પર દોષારોપણ કરી રહ્યા છે, પરંતુ સવાલ એ છે કે આટલી મોટી સિસ્ટમ માટે કોઈ વૈકલ્પિક વ્યવસ્થા કેમ નથી? આ ગંભીરતા ત્યારે વધુ વધી જ્યારે ફાયર બ્રિગેડ જેવી અત્યંત આવશ્યક સેવાના ફોન પણ મુંગા થઈ ગયા. નાના મવા વિસ્તારમાં કેબલ રિપેરિંગના નામે બીએસએનએલ એ આખું તંત્ર જંગલરાજ જેવું બનાવી દીધું છે.

લોકોની સુરક્ષા સાથે ચેડા કરતા આ તંત્રએ હવે ઈમરજન્સી માટે ખાનગી મોબાઈલ નંબરો જાહેર કર્યા છે. શું કોઈ મોટી આગ લાગે ત્યારે નાગરિકો વ્યક્તિગત મોબાઈલ નંબરો શોધતા બેસશે? તંત્રએ ઈમરજન્સી સેવા માટે 94299 03261 જેવા નંબરો તો આપ્યા છે, પણ મૂળ પ્રશ્ન એ છે કે કાયમી વ્યવસ્થા ક્યારે સુધરશે? બીએસએનએલની નબળી સેવાઓ અને મનપાની નિષ્ક્રિયતાનો ભોગ સામાન્ય જનતા બની રહી છે. જો આગામી ૨૪ કલાકમાં આ સમસ્યા હલ નહીં થાય તો શહેરમાં રોષ ફાટી નીકળે તેવી પૂરી શક્યતા છે. રાજકોટવાસીઓ અત્યારે એ પૂછી રહ્યા છે કે, "ફરિયાદ સ્વીકારતા નંબરની ફરિયાદ અમારે ક્યાં કરવી?"

**રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**

**રાજકોટ મનપાનું સૌથી સફળ કહેવાતું કોલ સેન્ટર છેલ્લા ચાર દિવસથી બીએસએનએલના સર્વરના વાંકે મુર્છિત અવસ્થામાં છે. દર વર્ષે લાખો ફરિયાદો સ્વીકારતો 155304 નંબર ખોટકાવવાને કારણે નાગરિકો પાણી, ડ્રેનેજ અને સ્ટ્રીટ લાઈટની સમસ્યાઓ લઈને ભટકી રહ્યા છે. નેટવર્ક જામ થવાને કારણે કોલ ડ્રોપ થઈ રહ્યા છે, છતાં તંત્ર પાસે કોઈ નક્કર ઉકેલ નથી. હદ તો ત્યારે થઈ જ્યારે ફાયર બ્રિગેડ જેવી કટોકટીની સેવાના ફોન પણ મુંગા થઈ ગયા અને અધિકારીઓએ પોતાના ખાનગી નંબર જાહેર કરવાની ફરજ પડી.**

# વડોદરા મહાનગરપાલિકામાં ભરતીમાં ભત્રીજાવાદ મુદ્દે હાઈકોર્ટે નિમણૂક રદ કરી

## વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન: ભરતીમાં ગેરરીતિ અંગે હાઈકોર્ટ લાલઘૂમ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા મહાનગરપાલિકામાં વહીવટી અનિયમિતતા અને ભરતીમાં ભત્રીજાવાદના કથિત કૌભાંડમાં હાઈકોર્ટે મહત્વની દરમિયાનગીરી કરી છે. હાઈકોર્ટે એક્ઝિક્યુટિવ એન્જિનિયરની પોસ્ટ માટે થયેલી ધર્મિષ્ઠા દવેની નિમણૂકને ગેરકાયદે ગણાવી રદ કરવાનો આદેશ આપ્યો છે. આ કેસમાં અરજદાર જતિન કાસાણીયાએ દલીલ કરી હતી કે યોગ્ય લાયકાત હોવા છતાં તેમની અવગણના કરવામાં આવી હતી. અદાલતે સ્પષ્ટ કર્યું કે પસંદગી પ્રક્રિયા બાદ નિયમોમાં ફેરફાર કરવો એ સત્તાનો દુરુપયોગ છે.
કોર્ટે કોર્પોરેશનને આદેશ આપ્યો છે કે ૨ માર્ચ, ૨૦૨૬ સુધીમાં જતિન કાસાણીયાની નિમણૂક અંગે પુનઃવિચારણા કરવામાં આવે. આ ચુકાદાથી વડોદરા પાલિકાના વિવિધ વિભાગોમાં ચાલતી ભરતી પ્રક્રિયામાં ગેરરીતિઓના ગંભીર આક્ષેપોને બળ મળ્યું છે. આક્ષેપ છે કે પાલિકામાં ગોલ્ડ મેડલ કે અનુભવ કરતા રાજકીય કનેક્શન વધુ કામ કરે છે. ગેસ વિભાગના અધિકારી સ્વપ્નિલ શુક્લા દ્વારા બેવડા હોદ્દા અને પગાર મેળવવા જેવી વહીવટી ક્ષતિઓ પણ ચર્ચાનો વિષય બની છે. અગાઉ ફાયર ઓફિસર મનોજ પરીખની નિમણૂકમાં પણ નિયમોના ઉલ્લંઘનનો મુદ્દો ઉઠ્યો હતો. હાઈકોર્ટના આ કડક વલણથી લાયક અને મહેનતુ ઉમેદવારોમાં ન્યાયની આશા જાગી છે અને પાલિકાના વહીવટી તંત્રમાં ફફડાટ વ્યાપી ગયો છે.
**રિપોર્ટ : કૌશિકભાઈ જોશી**

**વડોદરા મહાનગરપાલિકામાં એક્ઝિક્યુટિવ એન્જિનિયરની ભરતીમાં ગેરરીતિ બદલ હાઈકોર્ટે ધર્મિષ્ઠા દવેની નિમણૂક રદ કરી છે. કોર્ટે સત્તાવાળાઓને મેરિટ સિસ્ટમ સાથે છેડા કરવા બદલ ફટકાર લગાવીને મૂળ અરજદાર જતિન કાસાણીયાના નામ પર પુનઃવિચારણા કરવા આદેશ આપ્યો છે.**

# સુરતનું ગૌરવ: વર્લ્ડ કપ માટે બનાવ્યા ૩૫ મીટર લાંબા ધ્વજ

**દૈનિક પલ્સ સમાચાર:** ટી-20 વર્લ્ડ કપ ૨૦૨૬ના ધમાકેદાર પ્રારંભ સાથે જ સુરતનું નામ ફરી એકવાર વિશ્વ સ્તરે ગુંજશે. ભારત અને શ્રીલંકા દ્વારા સંયુક્ત રીતે યોજનારા આ મહાકુંભમાં ભાગ લેનારા ૨૦ રાષ્ટ્રોના રાષ્ટ્રધ્વજ સુરતમાં તૈયાર કરવામાં આવ્યા છે. સુરતની જાણીતી કંપની 'પ્રવીણ ઓવરસીઝ' ના માલિક પ્રવીણ ગુપ્તાએ આ ભગીરથ કાર્યને સફળતાપૂર્વક પૂર્ણ કર્યું છે. આ ધ્વજની વિશેષતા તેની વિશાળતા છે. દરેક ધ્વજનું માપ ૩૫ મીટર બાય ૨૦ મીટર રાખવામાં આવ્યું છે. અંદાજે ૧૫૦ કિલોગ્રામ વજન ધરાવતા આ ધ્વજ એટલા વિશાળ છે કે તેને મેદાન પર લહેરાવવા માટે ૫૪ શક્તિશાળી લોકોની જરૂર પડશે. સુરતના ટેક્સટાઈલ ઉદ્યોગ માટે આ એક ઐતિહાસિક ક્ષણ છે કારણ કે અગાઉ ભારત આવા વિશાળ ધ્વજ માટે વિદેશી કંપનીઓ પર નિર્ભર હતું. હવે 'મેક ઇન ઇન્ડિયા' હેઠળ સુરતે આ મહારથ હાંસલ કરી સુરતની પ્રતિષ્ઠામાં વધારો કર્યો છે. આ વિશાળ ધ્વજ સ્ટેડિયમમાં વિશ્વભરના ક્રિકેટ ચાહકો માટે આકર્ષણનું કેન્દ્ર બનશે.

**ભારત અને શ્રીલંકામાં યોજનારા ટી-20 વર્લ્ડ કપમાં સુરતનું વિશેષ યોગદાન સામે આવ્યું છે. સુરતની 'પ્રવીણ ઓવરસીઝ' કંપનીએ ૨૦ દેશો માટે ૩૫ મીટર લાંબા અને ૧૫૦ કિલો વજન ધરાવતા વિશાળ રાષ્ટ્રધ્વજ તૈયાર કર્યા છે, જે સુરત ટેક્સટાઈલ ઉદ્યોગ માટે ગૌરવની ક્ષણ છે.**

# બિહાર: સાંસદ પપ્પુ યાદવની ધરપકડ, 1995ના જૂના કેસમાં કાર્યવાહી

**દૈનિક પલ્સ સમાચાર:** બિહારની રાજધાની પટનામાં અપક્ષ સાંસદ પપ્પુ યાદવની ધરપકડે સૌને ચોંકાવી દીધા છે. પોલીસની એક વિશેષ ટીમ સાંસદના પટના સ્થિત નિવાસસ્થાને પહોંચી અને તેમને કસ્ટડીમાં લીધા. પટનાના એસપી સિટી ભાનુ પ્રતાપ સિંહે મીડિયાને માહિતી આપતા જણાવ્યું કે આ ધરપકડ વર્ષ 1995ના એક જૂના ગુનાહિત મામલાના આધારે કરવામાં આવી છે. આ કેસ પટનાના ગરદનીબાગ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ છે.
સાંસદ પર છેતરપિંડી, દસ્તાવેજોમાં છેડછાડ, અતિક્રમણ અને ધમકી આપવા જેવા ગંભીર આરોપો છે, જેમાં અગાઉની આઈપીસીની કલમ 419, 420, 468, 448, 506 અને 120બી સામેલ છે. કાયદાકીય નિષ્ણાતોના મતે, આ મામલામાં ઘણા સમયથી ટ્રાયલ ચાલી રહ્યો હતો. ન્યાયાલયે પપ્પુ યાદવને સુનાવણી માટે હાજર રહેવાનો આદેશ આપ્યો હતો, પરંતુ તેઓ નિયત તારીખો પર કોર્ટમાં હાજર થયા નહોતા. આ ગેરહાજરીને ગંભીરતાથી લેતા ન્યાયાલયે તેમની ધરપકડના નિર્દેશ આપ્યા હતા. પોલીસના જણાવ્યા મુજબ, આ એક નિયમિત કાયદાકીય પ્રક્રિયા છે જેનો ઉદ્દેશ ટ્રાયલ દરમિયાન આરોપીની હાજરી સુનિશ્ચિત કરવાનો છે. ધરપકડ બાદ સમર્થકોની ભીડને જોતા સુરક્ષાના ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યા છે.
**રિપોર્ટ : સાજીદખાન પઠાણ**



# રાજકોટ: ૨૬મીએ રેસકોર્સમાં કર્જા મુક્તિ અભિયાનની સભા

**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટ શહેરમાં છેલ્લા બે દિવસથી ઠેર-ઠેર 'કર્જા મુક્તિ અભિયાન'ના હોર્ડિંગ્સ જોવા મળી રહ્યા છે, જેણે સ્થાનિકો અને રાજકીય પક્ષોનું ધ્યાન ખેંચ્યું છે. આ હોર્ડિંગ્સમાં સૌથી વધુ ચર્ચા પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાની તસવીરની થઈ રહી છે. તેમની સાથે કર્જા મુક્તિ અભિયાનના રાષ્ટ્રીય સંસ્થાપક શાહનવાઝ ચૌધરી, રાજેશ્વર બ્રહ્મભટ્ટ અને નારણભાઈની તસવીરો પણ છે. હોર્ડિંગ્સ પર મોટા અક્ષરે લખવામાં આવ્યું છે કે 'અબ હોગા સબકા કર્જા માફ', અને ૨૬મી તારીખે રેસકોર્સ મેદાન ખાતે હાજર રહેવા જનતાને આમંત્રણ અપાયું છે. આ અભિયાન દ્વારા દેવા માફીની માંગણી સાથે કોઈ મોટું આંદોલન છેડવામાં આવનાર હોય તેવું પ્રતીત થાય છે. હાલમાં જનતા પર લોન અને વ્યાજના બોજની સમસ્યાઓ વધી રહી છે ત્યારે આ મુદ્દાને લઈને મેદાનમાં ઉતરેલા આ નેતાઓ શું નવો વળાંક લાવશે તે જોવું રહ્યું. રાજકીય વર્તુળોમાં એવી પણ ચર્ચા છે કે શું આ કોઈ નવી રાજકીય પાર્ટીનો ઉદય છે કે શંકરસિંહ વાઘેલા કોઈ નવું શક્તિ પ્રદર્શન કરવા જઈ રહ્યા છે? કોઈપણ વિસ્તૃત સ્પષ્ટતા વગર માત્ર સભાના આહવાનથી રહસ્ય ઘેરાયું છે. ૨૬મી તારીખની આ સભા બાદ જ ખબર પડશે કે 'કર્જા મુક્તિ અભિયાન'નું આગામી લક્ષ્ય શું છે અને તે ગુજરાતના રાજકારણમાં કેટલી અસર કરશે. **રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**






**'સબ સુખ લહૈ તુમ્હારી સરના, તુમ રક્ષક કાહુ કો ડરના'**

# ધોળકા હાઈવે પર કાયદાનો ભંગ: નંબર પ્લેટ પર લખાયું 'રાજાધિરાજ'


**દૈનિક પલ્સ સમાચાર:** કાયદો વ્યવસ્થાના લીરેલીરા ઉડાડતા વાહનચાલકો સામે સાબરકાંઠા અને અમદાવાદ પોલીસની રહેમનજર હેઠળ ગંભીર બેદરકારી સામે આવી રહી છે. અમદાવાદ થી ધોળકા તરફ જતા કાશીન્દ્રા ભાત હાઈવે પરથી પસાર થતી એક લક્ઝરી ગાડીએ સમગ્ર ટ્રાફિક વિભાગના ઉચ્ચ અધિકારીઓના દાવાઓની હવા કાઢી નાખી છે. આ ગાડીની નંબર પ્લેટ પર RTO ના નિયમ વિરુદ્ધ 'રાજાધિરાજ' લખેલું જોવા મળ્યું છે, જે સ્પષ્ટપણે કાયદાનું ઉલ્લંઘન છે. ટ્રાફિક નિયમો મુજબ નંબર પ્લેટ સ્પષ્ટ હોવી જોઈએ અને તેના પર કોઈ પણ પ્રકારનું લખાણ હોવું જોઈએ નહીં. જોકે, આ કિસ્સામાં વાહનચાલકે તમામ મર્યાદાઓ ઓળંગી દીધી છે. સૌથી મોટો સવાલ પોલીસની કામગીરી પર ઉઠી રહ્યો છે. હાઈવે પર ઠેર-ઠેર સીસીટીવી કેમેરા અને ઇન્ટરસેપ્ટર વાહનો હોવા છતાં, આવી વિવાદાસ્પદ નંબર પ્લેટ ધરાવતી ગાડી પોલીસની નજરમાં કેમ આવતી નથી? શું પોલીસ વિભાગ આવા વગદાર લોકો સામે કાર્યવાહી કરતા ડરે છે કે પછી તેમને છૂટો દોર આપવામાં આવ્યો છે?
રસ્તા પર સામાન્ય જનતા પાસેથી નજીવા કારણોસર મસમોટા દંડ વસૂલતી પોલીસ જ્યારે આવા છડેચોક નિયમ ભંગ કરતા તત્વોને જવા દે છે, ત્યારે તંત્રની વિશ્વસનીયતા સામે પ્રશ્નાર્થ ચિહ્ન લાગે છે. આ પ્રકારના લખાણો સામાજિક અસમાનતા અને અરાજકતાને પ્રોત્સાહન આપે છે. જો વહીવટી તંત્ર તાત્કાલિક ધોરણે આવી ગાડી શોધી કાઢીને તેના માલિક વિરુદ્ધ કડક પગલાં નહીં ભરે, તો સામાન્ય નાગરિકોમાં પોલીસ પ્રત્યેનો આદર ઘટી જશે. 'દૈનિક પલ્સ' તંત્રને જગાડવાનો પ્રયાસ કરે છે કે કાયદો સૌના માટે સમાન હોવો જોઈએ, પછી તે સામાન્ય માણસ હોય કે પોતાને 'રાજાધિરાજ' કહેવડાવતો કોઈ નબીરો. **રિપોર્ટ : ભાવેશ રાઠોડ**




**અમદાવાદ-ધોળકા હાઈવે પર કાયદાનો સરેઆમ ફિયાસ્કો જોવા મળ્યો છે. કાશીન્દ્રા પાસે નંબર પ્લેટ પર 'રાજાધિરાજ' લખેલી ગાડી બેફામ દોડી રહી છે. શું પોલીસ ઉંઘતી ઝડપાઈ છે કે પછી આવા વગદાર તત્વો સામે કાર્યવાહી કરતા ડરી રહી છે?**

# રાજકોટ માટે જીવાદોરી બની નર્મદા સૌની યોજના

**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટ શહેર માટે વર્ષ 2017-18નો સમયગાળો પરિવર્તનકારી સાબિત થયો છે, કારણ કે આ વર્ષથી જ 'સૌની યોજના'ના માધ્યમથી નર્મદાના નીર રાજકોટના ડેમોમાં ઠાલવવાની શરૂઆત થઈ હતી. અગાઉના વર્ષોમાં ઉનાળાના પ્રારંભે જ પાણીનો દેકારો બોલતો હતો, પરંતુ હવે આરએમસી (RMC)ની દરખાસ્ત સાથે જ સિંચાઈ વિભાગ શહેરના મુખ્ય જળાશયોમાં પાણી છોડે છે. તાજેતરના અહેવાલ મુજબ, આજી-1 ડેમમાં અત્યાર સુધીમાં 12,000 MCFT જેટલું પાણી ઠાલવવામાં આવ્યું છે. આજી ડેમની સંગ્રહ ક્ષમતાને જોતા, આ જથ્થો ડેમને 12 વાર છલકાવવા માટે પૂરતો છે. ગત ફેબ્રુઆરી 2025 બાદ ચાલુ વર્ષે પણ આજી-1 ને સૌની યોજનાથી ફરી એકવાર છલોછલ ભરી દેવામાં આવ્યો છે.
બીજી તરફ, ન્યારી-1 ડેમમાં પણ વર્ષ 2019 થી સૌની યોજનાનું પાણી આપવાનું શરૂ કરાયું છે. અત્યાર સુધીમાં ન્યારી-1 માં 8 વખત પાણી લેવાયું છે, જે કુલ 3,000 MCFT જેટલું થાય છે. રાજ્ય સરકારના આ આગવા આયોજનને કારણે રાજકોટની જનતાને હવે પીવાના પાણી માટે વલખાં મારવા પડતા નથી. રજકોટના ત્રણેય મુખ્ય ડેમો આજી, ન્યારી અને ભાદરને નર્મદા નીર સાથે જોડી દેવામાં આવતા રાજકોટની પાણીની તંગી હવે ભૂતકાળ બની ગઈ છે.
**રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**



# મહેમદાવાદ: સિદ્ધિવિનાયક મંદિરે ૧૦૮ ફૂટ ઊંચી ધજાનું ધ્વજારોહણ

**દૈનિક પલ્સ સમાચાર:** મહેમદાવાદની પવિત્ર ભૂમિ પર ભક્તિના મહાસાગર સમાન સિદ્ધિવિનાયક દેવસ્થાન ખાતે એક ઐતિહાસિક ઘટનાના સાક્ષી બનવા માટે ભક્તો આતુર છે. એશિયાના સૌથી મોટા ગણેશ આકારના આ મંદિરમાં આગામી રવિવાર, ૮ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ ૧૦૮ ફૂટ ઊંચા ધ્વજદંડ પર ભવ્ય ધ્વજારોહણ મહોત્સવ ઉજવાશે. આ આયોજન ગુજરાત સરકારની ધાર્મિક સ્થાપત્યોના વિકાસ અને સંરક્ષણની વિચારધારાને પ્રતિબિંબિત કરે છે.
આ દિવ્ય પ્રસંગે સનાતન ધર્મના સ્તંભ સમાન સંતો અને ગુજરાતના પૂર્વ રાજવી પરિવારોના સભ્યો એક મંચ પર જોવા મળશે. મહામંડલેશ્વર લલિતકિશોરશરણજી મહારાજ અને દયામૂર્તિ ગુરુ મા ના આશીર્વાદ સાથે છોટા ઉદેપુરના જયપ્રતાપસિંહજી ચૌહાણ અને ચોટીલા સ્ટેટના મહાવીરસિંહજી ખંગાર જેવા મહાનુભાવો આ મહોત્સવની શોભા વધારશે. સવારે ૧૦:૩૦ વાગ્યે શરૂ થનારા આ ધાર્મિક અનુષ્ઠાનમાં ધજા પૂજન બાદ વિધિવત ધ્વજારોહણ કરવામાં આવશે. મેનેજિંગ ટ્રસ્ટી નરેન્દ્રભાઈ પુરોહિતના કુશળ માર્ગદર્શન હેઠળ આ મહોત્સવનું સુંદર આયોજન કરાયું છે. આ મહોત્સવ માત્ર શ્રદ્ધાનો વિષય નથી, પરંતુ એકતા અને સામાજિક સૌહાર્દનું પણ પ્રતીક છે. તમામ ભાવિક ભક્તોને આ દિવ્ય દર્શન અને મહાપ્રસાદનો લાભ લેવા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે, જે દર્શાવે છે કે આ દેવસ્થાન સૌના કલ્યાણ માટે સદૈવ તત્પર છે. **રિપોર્ટ : ખાંટ મનુભાઈ**



**મહેમદાવાદના સુપ્રસિદ્ધ સિદ્ધિવિનાયક દેવસ્થાન ખાતે ૮ ફેબ્રુઆરીએ ભક્તિ અને શક્તિનો અનોખો સંગમ રચાશે. એશિયાના સૌથી મોટા ગણેશ આકારના આ મંદિરમાં ૧૦૮ ફૂટ ઊંચા ધ્વજદંડ પર સંતો અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં ભવ્ય ધ્વજારોહણ મહોત્સવ યોજાશે, જે ગુજરાતની સાંસ્કૃતિક ગરિમાને નવી ઊંચાઈ આપશે.**

# પ્રાંતિજમાં યુરિયા અને કેમિકલથી બનતા નકલી દૂધની ફેક્ટરીનો પર્દાફાશ કરાયો

## સાવધાન! દૂધના નામે ઝેર: સાબરકાંઠામાં મિલાવટની ફેક્ટરી ઝડપાઈ

**દૈનિક પલ્સ સમાચાર:** પૈસાના લોભમાં અંધ બનેલા બુટલેગરો હવે દૂધના નામે ઝેર વેચી રહ્યા છે. સાબરકાંઠા પોલીસ અધિક્ષક ડો. પાર્થરાજસિંહ ગોહિલની સૂચનાથી LCB એ પ્રાંતિજના સલાલ વિસ્તારમાં ચાલી રહેલા નકલી દૂધના કાળા કારોબારનો અંત લાવ્યો છે. 'શ્રી સત્યા ડેરી પ્રોડક્ટ્સ' નામની આ ફેક્ટરીમાં જે સામગ્રી મળી આવી છે તે જોઈને પથ્થર દિલના માણસની પણ આત્મા કાંપી ઉઠે. યુરિયા, કોસ્ટિક સોડા, પામોલિન ઓઈલ અને ડિટર્જન્ટ જેવા ઝેરી તત્વોનો ઉપયોગ કરી નકલી દૂધ અને છાશ તૈયાર કરવામાં આવતી હતી. પોલીસે ઘટનાસ્થળેથી 4 મીની ટ્રક, હજારો લીટર ભેળસેળયુક્ત દૂધ, અનાજ કાઢવાના મશીનો અને લાખોની રોકડ કબ્જે કરી છે. પ્લાન્ટ ઓપરેટર જીતેન્દ્ર પટેલ સહિતના કર્મચારીઓની ધરપકડ કરવામાં આવી છે, પરંતુ મુખ્ય માસ્ટરમાઈન્ડ રાકેશ પટેલ હજુ પોલીસ પકડથી દૂર છે. આ ફેક્ટરીમાંથી સપ્લાય થતું દૂધ હજારો પરિવારોમાં ધીમા ઝેરની જેમ પહોંચતું હતું. શું આવા નરાધમોને ફાંસી ન આપવી જોઈએ? પોલીસે ગુનો નોંધી તપાસ તેજ કરી છે, પરંતુ આ ઘટનાએ સાબિત કરી દીધું છે કે ખાણી-પીણીની બજારમાં મોતનો સામાન ખૂલેઆમ વેચાઈ રહ્યો છે. **રીપોર્ટ : કુલદીપ ભાટીયા**



**સાબરકાંઠામાં માનવતા મરી પરવારી હોય તેમ નિર્દોષ જનતાને ધીમું ઝેર પીરસવાનું ભયાનક કૌભાંડ બહાર આવ્યું છે. પ્રાંતિજના સલાલમાં 'શ્રી સત્યા ડેરી' ના નામે યુરિયા ખાતર, કોસ્ટિક સોડા અને ડિટર્જન્ટ પાવડર ભેળવીને દૂધના નામે સફેદ ઝેર બનાવવામાં આવતું હતું. સાબરકાંઠા LCB એ દરોડો પાડી ₹71.28 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પૈસાના ભૂખ્યા આ કસાઈઓ બાળકોના દૂધમાં પણ ઝેર ભેળવતા અચકાયા નથી. પોલીસે 4 આરોપીઓને ઝડપી લીધા છે, જ્યારે મુખ્ય સૂત્રધાર હજુ ફરાર છે.**

# BRTS ટ્રેકમાં કારનો અકસ્માત, ગૌતસ્કરીનો પર્દાફાશ

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદ શહેરના વાસણા વિસ્તારમાં ચંદ્રનગર BRTS બસ ટ્રેકમાં મોડી રાત્રે સર્જાયેલા ગંભીર અકસ્માતે ગૌવંશની તસ્કરીનું મોટું નેટવર્ક ખુલ્લું પાડ્યું છે. બેફામ સ્પીડે દોડતી એક કાર BRTS ટ્રેકમાં ઘૂસી ગઈ હતી અને ડિવાઇડર સહિત લાઇટના થાંભલા તોડી નાખ્યા હતા. અકસ્માતની તીવ્રતા એટલી હતી કે કારના આગળના ભાગનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. સ્થાનિક લોકોના ટોળા ઉમટી પડ્યા હતા અને જ્યારે કારની અંદર જોયું ત્યારે અમાનવીય હાલતમાં ચાર ગૌવંશ ભરેલા જોવા મળ્યા હતા. ઘટનાસ્થળેથી ત્રણ આરોપીઓ ભાગવામાં સફળ રહ્યા હતા, જ્યારે એકને લોકોએ પકડીને પોલીસને હવાલે કર્યો હતો. પાલડી પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે દાણીલીમડાના નાસિર ખ્રિસ્તીએ બારેજાથી આ ગાયો મોકલી હતી. ઇમરાન અને એકરાજ નામના યુવકો કારમાં સાથે હતા જે હાલ ફરાર છે. ગૌરક્ષકો દ્વારા કારનો પીછો કરવામાં આવી રહ્યો હોવાથી પકડાવાના ડરે ચાલકે સ્ટેશનના દરવાજા અને સીસીટીવી કેમેરાને નુકસાન પહોંચાડ્યું હતું. એન ડિવિઝન એસીપી એસ.એમ. પટેલે જણાવ્યું કે પોલીસ કંટ્રોલ રૂમને જાણ થતા જ કાર્યવાહી હાથ ધરાઈ હતી. હાલ પોલીસે પશુ પ્રત્યે ક્રૂરતા અને સરકારી મિલકતને નુકસાન કરવાના ગુના હેઠળ એકની ધરપકડ કરી છે અને ફરાર આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે. **રિપોર્ટ : ભાવેશ રાઠોડ**




# વેજલપુરમાં એકલિંગજી દાદાના સાનિધ્યમાં ભવ્ય હોમાત્મક લઘુરુદ્ર અને નગરયાત્રા

**દૈનિક પલ્સ સમાચાર:** સામાજિક સમરસતા અને ધાર્મિક આસ્થાના મિલન સમાન 'શિવરાત્રી મહોત્સવ'નું વેજલપુર ખાતે ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. ત્રિવેદી મેવાડા ૮૩૬ પરિવારોની આસ્થાના કેન્દ્ર સમાન વેજલપુરમાં, ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ પંચ દ્વારા આગામી ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૬, રવિવારના રોજ ઇષ્ટદેવ એકલિંગજી દાદાના સાનિધ્યમાં હોમાત્મક લઘુરુદ્ર યજ્ઞ યોજાશે. આ મહોત્સવ સમાજની સાંસ્કૃતિક ધરોહરને જાળવી રાખવા અને નવી પેઢીમાં સંસ્કારોનું સિંચન કરવા માટે એક સીમાચિહ્નરૂપ સાબિત થશે. આયોજનની વિગતો મુજબ, દિવસની શરૂઆત સવારે ૪:૩૦ કલાકે પ્રથમ પ્રહરની પૂજા સાથે થશે. મુખ્ય હોમાત્મક લઘુરુદ્ર સવારે ૯:૩૦ કલાકે શરૂ થશે, જેમાં સમાજના દંપતીઓ મંત્રોચ્ચાર સાથે આહુતિ આપશે. બપોરે ૪ થી ૫ દરમિયાન શિવજીની ભવ્ય નગરયાત્રા નીકળશે, જે વેજલપુરના રાજમાર્ગો પર આકર્ષણનું કેન્દ્ર બનશે. સાંજે ૫ કલાકે શ્રીફળ હોમીને યજ્ઞની પૂર્ણાહુતિ કરવામાં આવશે અને મોડી રાત્રે છેલ્લા પ્રહરની મહાપૂજા યોજાશે. પંચના કર્મઠ અગ્રણીઓ અજય ત્રિવેદી, દેવાંગ ઠાકોર, મયંક જોષી, મયંક ઠાકોર અને કમલ મહેતાની ટીમ દ્વારા આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન અત્યંત પારદર્શક અને સુગ્રથિત રીતે કરવામાં આવી રહ્યું છે. વિશેષ નોંધનીય બાબત એ છે કે, આ પૂજા કે લઘુરુદ્રમાં બેસવા માટે કોઈ પણ પ્રકારનું શુલ્ક લેવામાં આવતું નથી, જે પંચની સેવાભાવી વૃત્તિ અને "સૌનો સાથ, સૌનો વિકાસ" ની ભાવનાને ઉજાગર કરે છે. ૮૩૬ પરિવારના સદસ્યોના રચનાત્મક સૂચનોને આવકારીને પંચે એક મજબૂત સામાજિક માળખું ઉભું કર્યું છે. આ શિવરાત્રી મહોત્સવ વેજલપુરના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે અને ભવિષ્યમાં જ્ઞાતિ સંગઠન માટે દીવાદાંડી સમાન બની રહેશે. તમામ શિવભક્તો અને પરિવારજનોને આ દિવ્ય અવસરમાં ઉમટી પડવા પંચ દ્વારા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. **રિપોર્ટ : કૌશિકભાઈ જોશી**

**વેજલપુર ખાતે ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ પંચ દ્વારા ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ શિવરાત્રી મહોત્સવ ઉજવાશે. ઇષ્ટદેવ એકલિંગજી દાદાના સાનિધ્યમાં હોમાત્મક લઘુરુદ્ર યજ્ઞ અને વિવિધ ધાર્મિક કાર્યક્રમો દ્વારા સામાજિક સમરસતાનો સંદેશ આપવામાં આવશે.**

# CM ભૂપેન્દ્ર પટેલે ₹539 કરોડના કામોનું લોકાર્પણ કર્યું

**દૈનિક પલ્સ સમાચાર:** સુરેન્દ્રનગરના સર્વાંગી વિકાસને વેગ આપવા માટે આજે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા ₹૫૩૯.૨૬ કરોડના ૩૩ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. આ મહોત્સવ જિલ્લાના વિકાસ ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે. કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના શહેરી વિકાસના વિઝનને યાદ કર્યું હતું. તેમણે કહ્યું હતું કે વર્ષ ૨૦૦૫માં શરૂ થયેલી વિકાસયાત્રા આજે ગુજરાતના દરેક શહેરને આધુનિક સુવિધાઓથી સજ્જ કરી રહી છે. સુરેન્દ્રનગર શહેરના આધુનિકીકરણ માટે આજના આ પ્રકલ્પો ખૂબ જ મહત્વના સાબિત થશે. રિવરફ્રન્ટ ડેવલપમેન્ટથી શહેરની સુંદરતામાં વધારો થશે અને લોકોને પર્યટનનું નવું સ્થળ મળશે. 'નલ સે જલ' યોજના હેઠળ ઘરે-ઘરે પીવાનું શુદ્ધ પાણી પહોંચશે, જ્યારે સી.સી. રોડ અને ભૂગર્ભ ગટરના કામોથી શહેરી માળખાકીય સુવિધાઓ સુદ્રઢ બનશે. સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ પર્યાવરણના જતનમાં મદદરૂપ થશે. સરકારનો મુખ્ય ઉદ્દેશ્ય નાગરિકોને મુશ્કેલી વિનાની અને સુવિધાજનક જિંદગી આપવાનો છે. "ઈઝ ઓફ લિવિંગ"ને પ્રાથમિકતા આપીને રાજ્ય સરકાર શહેરોને માત્ર કોંક્રિટના જંગલ નહીં પણ સુવિધાસભર કેન્દ્રો બનાવી રહી છે. આ વિકાસકાર્યોથી સુરેન્દ્રનગરના લોકોના જીવનસ્તરમાં મોટી ઊંચાઈ આવશે અને આર્થિક ગતિવિધિઓને પણ વેગ મળશે.






# વડોદરાની MSU ટીમ દ્વારા તૈયાર ટેબલની ભારત સરકારમાં નોંધણી

વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી (MSU) ફરી એકવાર તેની સર્જનાત્મકતા અને સંશોધન માટે ચર્ચામાં છે. યુનિવર્સિટીના ડિઝાઈનર્સની ટીમે એક એવું 'મલ્ટીફંક્શનલ ટેબલ' તૈયાર કર્યું છે, જેની ભારત સરકારના પેટન્ટ વિભાગ દ્વારા ડિઝાઇન નંબર 480955-001 હેઠળ સત્તાવાર નોંધણી કરવામાં આવી છે. આ સિદ્ધિએ વડોદરા અને યુનિવર્સિટીનું ગૌરવ રાષ્ટ્રીય સ્તરે વધાર્યું છે.

**નાની જગ્યાઓ માટે શ્રેષ્ઠ ઉકેલ:** વર્તમાન સમયમાં શહેરી વિસ્તારોમાં ફ્લેટ સંસ્કૃતિને કારણે જગ્યાની મર્યાદાઓ સર્જાતી હોય છે. આ સમસ્યાને ધ્યાનમાં રાખીને ડૉ. સરજુ પટેલ, શ્રુતિ ચૌધરી, જાહ્નવી લુહાર સહિતની સાત સભ્યોની ટીમે આ ટેબલ તૈયાર કર્યું છે. આ માત્ર ફર્નિચરનો એક ટુકડો નથી, પરંતુ એન્જિનિયરિંગ અને કળાનો અદભૂત સમન્વય છે.

**ટેબલની મુખ્ય વિશેષતાઓ:** ૧. બહુવિધ ઉપયોગ: આ ટેબલ એકસાથે ત્રણ ભૂમિકા ભજવે છે. તે સવારે બાળકો માટે સ્ટડી ડેસ્ક, બપોરે ડાઇનિંગ ટેબલ અને સાંજે ડ્રોઈંગ રૂમ માટે સ્ટાઇલિશ કોફી ટેબલમાં પરિવર્તિત થઈ શકે છે. ૨. સ્પેસ સેવિંગ ડિઝાઇન: ટેબલની નીચે જ બે ફોલ્ડિંગ સ્ટૂલ એવી રીતે ગોઠવવામાં આવ્યા છે કે જે જરૂર ન હોય ત્યારે સંપૂર્ણપણે અદ્રશ્ય થઈ જાય છે, જેનાથી રૂમમાં બિનજરૂરી જગ્યા રોકાતી નથી. ૩. ટેક-ફ્રેન્ડલી સુવિધાઓ: આજની ડિજિટલ જરૂરિયાતોને સમજીને તેમાં ઇન-બિલ્ટ સ્વીચબોર્ડ, મલ્ટીપલ પાવર સોકેટ્સ અને એડજસ્ટેબલ લેમ્પની સુવિધા આપવામાં આવી છે. ૪. સરળ હેરફેર અને મજબૂતી: ૧૯ એમએમ પ્લાયવુડમાંથી બનેલું આ ટેબલ મજબૂત છે અને તેની નીચે પૈડાં હોવાથી તેને ઘરના કોઈપણ ખૂણે સરળતાથી ખસેડી શકાય છે. વળી, તેની ઊંચાઈ જરૂર મુજબ વધ-ઘટ કરવાની સુવિધા પણ ઉપલબ્ધ છે.

**સાંસ્કૃતિક વિરાસતનું જતન:** આ ટેબલની સૌથી આકર્ષક બાબત તેની ડિઝાઇન છે. આધુનિકતાની સાથે સાથે આ ટેબલ પર ગુજરાતની પ્રાચીન અને ભાતીગળ 'અજરખ' પ્રિન્ટની ડિઝાઇન કંડારવામાં આવી છે. આ પ્રયાસ દ્વારા ટીમે આપણી સમૃદ્ધ ટેક્સટાઇલ વિરાસતને આધુનિક ઘરો સુધી પહોંચાડવાનો સરાહનીય પ્રયાસ કર્યો છે.
આ સંશોધન આગામી સમયમાં મધ્યમવર્ગીય પરિવારો, હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓ અને નાના વ્યવસાયીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થશે. સર્જનાત્મકતા અને એન્જિનિયરિંગનો આ સુગમ સમન્વય સામાન્ય માનવીનું જીવન સરળ બનાવવાની દિશામાં એક મોટું પગલું છે. **ભાગ્યશ્રી**

**વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીની ટીમે તૈયાર કરેલા મલ્ટીફંક્શનલ ટેબલને ભારત સરકાર દ્વારા પેટન્ટ એનાયત કરવામાં આવી છે. આ આધુનિક ટેબલ કોફી ટેબલ, સ્ટડી ડેસ્ક અને ડાઇનિંગ ટેબલ તરીકે ઉપયોગમાં લઈ શકાય તેવું બહુઉપયોગી ફર્નિચર છે.**

# સાબરકાંઠામાં પોલિસીના નામે નિવૃત્ત કર્મચારી સાથે ₹23 લાખની છેતરપિંડી

**દૈનિક પલ્સ સમાચાર:** સાબરકાંઠા જિલ્લામાં ઓનલાઈન ઠગાઈનો એક હ્રદયદ્રાવક અને આઘાતજનક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. નિવૃત્ત નાયબ હિસાબનીશ દલપતસિંહ ચૌહાણની વર્ષોની મહેનતની કમાણી ઠગ ટોળકીએ માત્ર થોડા જ દિવસોમાં સ્વાહા કરી દીધી છે. પોલિસીના નાણાં પરત મેળવવાની એક સામાન્ય ઈચ્છા તેમને ₹૨૩,૧૮,૦૭૧ ના આર્થિક નુકસાન તરફ દોરી ગઈ છે.
આ કૌભાંડના સૂત્રધારો 'સંજીવ પ્રકાશ મિશ્રા' અને 'એસ.એન. સેનાપતી' એ આખું નેટવર્ક એટલી ચાલાકીથી ગોઠવ્યું હતું કે ૭૩ વર્ષીય વૃદ્ધ તેમના જાળમાં ફસાઈ ગયા. દિલ્હી સંસદ માર્ગના સરનામેથી નકલી સરકારી ઓર્ડર મોકલીને ₹૯૭ લાખની ઓફર આપી ઠગોએ જાળ બિછાવી હતી. એટલું જ નહીં, વિશ્વાસ સંપાદન કરવા માટે કરોડોના બોગસ ચેક પણ ફરિયાદીના ઘરે ટપાલથી મોકલવામાં આવ્યા હતા. પ્રોસેસિંગ ફી, સીજીએસટી અને એસજીએસટી જેવા ટેકનિકલ શબ્દોનો ઉપયોગ કરી ઠગબાજોએ ફરિયાદી અને તેમના પુત્રો પાસેથી લાખો રુપિયા ખંખેરી લીધા.
SBI વડાલી શાખાએ જ્યારે આ ચેક નકાર્યા અને જણાવ્યું કે આ બેંક ખાતા તો ક્યારનાય બંધ થઈ ગયા છે, ત્યારે દલપતસિંહના હોશ ઉડી ગયા હતા. આરોપીઓએ સંપર્ક તોડી નાખ્યો અને પોતાના મોબાઈલ ફોન બંધ કરી દીધા. આ ઘટના દર્શાવે છે કે સાયબર ગુનેગારો હવે મનોવૈજ્ઞાનિક રીતે લોકોને છેતરી રહ્યા છે. વડાલી પોલીસે આઈપીસીની કલમો હેઠળ ગુનો તો નોંધ્યો છે, પરંતુ સાયબર ક્રાઈમની આ માયાજાળમાંથી નાણાં પરત મેળવવા મુશ્કેલ છે. આ ઘટનાએ નિવૃત્ત કર્મચારીઓના પરિવારોમાં ફફડાટ ફેલાવી દીધો છે. જનતાએ ગૂગલ પરથી મળતા કસ્ટમર કેર નંબરોથી ચેતવાની ખાસ જરૂર છે. **રિપોર્ટ : વિશાલ ચૌહાણ**

**સાવધાન, ઓનલાઈન ઠગ ટોળકી હવે તમારા નિવૃત્તિના નાણાં પર તરાપ મારી રહી છે! સાબરકાંઠાના વડાલી તાલુકાના કંબોસણી ગામના ૭૩ વર્ષીય દલપતસિંહ ચૌહાણ આ ગેંગનો ભોગ બન્યા છે. બંધ પડેલી વીમા પોલિસીના નાણાં પરત મેળવવાની લાલચમાં ઠગબાજોએ તેમને ₹૯૭ લાખની લાલચ આપી હતી. નકલી ઓર્ડર કોપી અને ખોટા ચેક આપીને વિશ્વાસમાં લીધા બાદ પ્રોસેસિંગ ફીના નામે કટકે-કટકે ₹૨૩,૧૮,૦૭૧ પડાવી લીધા. જ્યારે બેંકે ચેક નકલી હોવાનું જણાવ્યું ત્યારે પગ નીચેથી જમીન સરકી ગઈ હતી.**

# સાવધાન! સાબરકાંઠામાં ઘૂસતા દારૂના બુટલેગરોને SOGએ દબોચ્યા

**દૈનિક પલ્સ સમાચાર:** કાયદાના સકંજામાંથી છૂટવા માટે ગમે તેટલા ફાંફા મારો, પણ ખાખીની નજરથી બચવું અશક્ય છે. સાબરકાંઠા SOG એ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનના પ્રોહિબિશનના ગુનામાં નાસતા ફરતા ૭ વોન્ટેડ આરોપીઓ અને એક કિશોરને ઝડપી પાડીને બુટલેગરોની કમર તોડી નાખી છે. ગુજરાતની દારૂબંધીને પડકારનારા આ આરોપીઓ રાજસ્થાનના ઉદયપુર જિલ્લાના નયા ગાંવ તાલુકાના રહેવાસી છે અને ગુનો કર્યા બાદ લાંબા સમયથી પોલીસને થાપ આપી રહ્યા હતા.
SOG પીઆઈ ડી.સી. પરમારના નેતૃત્વમાં જ્યારે પોલીસ ટીમ હિંમતનગર ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી, ત્યારે એએસઆઈ અનિરૂધ્ધસિંહ અને હરપાલસિંહને બાતમી મળી હતી કે ૨૦૨૫ ના પ્રોહિબિશન કેસના વોન્ટેડ આરોપીઓ હિંમતનગર બાયપાસ વિજાપુર રોડ પર ઉભા છે. પોલીસે સમય વેડફ્યા વગર ત્રાટકીને આશિષ રામેશ્વર તબીયાડ, દિલીપ અશ્વિનભાઈ તબીયાર, સિકંદર બંસીલાલ પાંડોર, દીલીપ થાવરાજી ભીલ, સચીન શાંતીલાલ ખરાડી, હિતેશ ઉર્ફે અંકુશ તબીયાડ અને અંકુશ રાજેશભાઇ જોષીયારાની ધરપકડ કરી છે. આ આરોપીઓ ગુજરાતમાં ગેરકાયદેસર દારૂ ઘુસાડવાના ગુનામાં સંડોવાયેલા હતા અને ધરપકડના ડરે રાજસ્થાનમાં આશરો લઈ રહ્યા હતા. કાયદાના સંઘર્ષમાં આવેલ એક કિશોરનો પણ આ ગેરકાયદેસર પ્રવૃત્તિમાં ઉપયોગ કરવામાં આવ્યો હતો, જે બુટલેગરોની ગંદી માનસિકતા દર્શાવે છે. SOG ની આ સફળતાએ સાબિત કરી દીધું છે કે ગુનેગાર ગમે ત્યાં છૂપાય, પોલીસના હાથ લાંબા છે. આ તમામ આરોપીઓને આગળની કાયદેસરની કાર્યવાહી માટે હિંમતનગર ગ્રામ્ય પોલીસને સોંપવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. શું આવા ગુનેગારોને કારણે જ રાજ્યમાં દારૂબંધીનો અમલ મુશ્કેલ બની રહ્યો છે? પોલીસ હવે આ નેટવર્કના મૂળ સુધી પહોંચવા તપાસ તેજ કરશે. **રીપોર્ટ : વિશાલ ચૌહાણ**

**પોલીસને હાથતાળી આપી નાસતા ફરતા ગુનેગારોનો ખેલ ખતમ! હિંમતનગર ગ્રામ્ય પોલીસ મથકના દારૂના ગુનામાં વોન્ટેડ રાજસ્થાનના ૭ શખ્સો અને એક કિશોરને સાબરકાંઠા SOG એ વિજાપુર બાયપાસ પરથી દબોચી લીધા છે. કાયદાથી ભાગતા આ તત્વો હવે જેલના સળિયા ગણશે.**

# થરાદ: આશા વર્કર બહેનોએ વિવિધ માંગણીઓ સાથે આવેદનપત્ર પાઠવ્યું

## થરાદ આશા વર્કર યુનિયન દ્વારા ન્યાયની માંગ સાથે વિરોધ

**દૈનિક પલ્સ સમાચાર:** થરાદ ખાતે આશા વર્કર બહેનોએ પોતાની વેદના અને પડતર માંગણીઓ સાથે સરકાર સામે અવાજ ઉઠાવ્યો છે. ગુજરાત આશા વર્કર યુનિયનના નેજા હેઠળ મોટી સંખ્યામાં એકત્રિત થયેલી બહેનોએ જિલ્લા કલેક્ટર કચેરીમાં આવેદનપત્ર પાઠવી ન્યાયની ગુહાર લગાવી હતી.

આશાવર્કરોએ રજૂઆત કરી હતી કે, તેઓ છેવાડાના ગામડાઓ સુધી પોલિયો ટીપાં પીવડાવવા, માતા અને બાળકના સ્વાસ્થ્યની સુરક્ષા અને કુપોષણ જેવી ગંભીર સમસ્યાઓ નાબૂદ કરવા સતત કાર્યરત છે. કોરોના જેવી વૈશ્વિક મહામારીમાં જ્યારે લોકો બહાર નીકળતા ડરતા હતા, ત્યારે આ બહેનોએ જીવના જોખમે નિષ્ઠાપૂર્વક ફરજ બજાવી હતી. આટલી સખત કામગીરી સામે તેમને મળતું વળતર અત્યંત નજીવું છે.

આવેદનપત્રમાં સરકારના મહિલા સશક્તિકરણના દાવાઓ પર સવાલ ઉઠાવતા જણાવાયું છે કે, આશાવર્કરોને સન્માનિત કરવાને બદલે અન્યાય કરવામાં આવી રહ્યો છે. કાયમી કર્મચારીઓનો કાર્યભાર પણ તેમના પર થોપી દેવામાં આવે છે, જેના કારણે તેમને સતત માનસિક અને પારિવારિક તણાવ રહે છે. લઘુત્તમ વેતનની માંગ સ્વીકારવામાં ન આવતા આર્થિક મુશ્કેલીઓને કારણે તેમના પોતાના જ બાળકો કુપોષિત રહી જાય તેવી નોબત આવી છે. બહેનોએ ચીમકી ઉચ્ચારી છે કે જો તેમની માંગણીઓ વહેલી તકે સંતોષવામાં નહીં આવે તો તેઓ ઉગ્ર આંદોલન તરફ વળશે.



**જૂનાગઢના ભવનાથ ખાતે આગામી મહાશિવરાત્રી મેળાના આયોજન સંદર્ભે સંતો-મહંતો અને વહીવટી તંત્રની મહત્વની બેઠક યોજાઈ હતી. જેમાં સાધુ સમાજના અગ્રણીઓ અને કલેક્ટર સહિતના પદાધિકારીઓએ ઉપસ્થિત રહી મેળાની વ્યવસ્થાઓ અને સુવિધાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. રિપોર્ટ : વશાભાઈ વાલડીયા**

# ખેડા LCBનો સપાટો: ત્રણ ચોરીમાં વોન્ટેડ તસ્કર જેલભેગો

**દૈનિક પલ્સ સમાચાર:** ખેડા-નડિયાદ લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) ને મિલ્કત વિષયક ગુનામાં સંડોવાયેલા એક રીઢા તસ્કરને ઝડપવામાં મોટી સફળતા મળી છે. પોલીસ અધિક્ષક વિજય પટેલ દ્વારા નાસતા ફરતા આરોપીઓને પકડવા માટે આપવામાં આવેલી સૂચનાના પગલે LCBની ટીમ પેટ્રોલીંગમાં હતી. આ દરમિયાન એએસઆઈ ઋતુરાજસિંહ અને પોલીસ કોન્સ્ટેબલ કુલદીપસિંહને મળેલી સચોટ બાતમીના આધારે નડિયાદના ફતેપુરા રોડ પર રહેતા ઠાકોરભાઈ રાયજીભાઈ તલપદાને દબોચી લેવાયો હતો.

આરોપીની પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે તે જામનગર જિલ્લાના જોડિયા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ચોરીના બે ગુનાઓ અને ભાવનગર જિલ્લાના બગદાણા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા એક ઘરફોડ ચોરીના ગુનામાં વોન્ટેડ હતો. BNS કલમ 303(2) હેઠળ નોંધાયેલા આ ગંભીર ગુનાઓમાં આરોપી પોલીસને હાથતાળી આપી નાસતો ફરતો હતો. પીઆઈ કે.આર. વેકરીયા અને પીએસઆઈ જે.એસ. ચંપાવતની આગેવાની હેઠળની ટીમે આ ઓપરેશન પાર પાડ્યું છે. હાલ આરોપીને વધુ તપાસ અને કાયદેસરની કાર્યવાહી માટે નડિયાદ ટાઉન પોલીસ સ્ટેશનને હવાલે કરવામાં આવ્યો છે.

**રિપોર્ટ : પ્રકાશ વાઘેલા**



# માવસરીમાં ખાતરની આડમાં લઈ જવાતો ₹10.05 લાખનો વિદેશી દારૂ ઝડપાયો

**દૈનિક પલ્સ સમાચાર:** વાવ-થરાદ જિલ્લા પોલીસની પેરોલ ફર્લો સ્કોડ ટીમે માવસરી પોલીસ મથકની હદમાં આવતા દૈયપ ત્રણ રસ્તા પાસેથી દારૂની મોટી હેરાફેરીનો પર્દાફાશ કર્યો છે. પોલીસ મહાનિરીક્ષક અને જિલ્લા પોલીસ અધિક્ષકની કડક અમલીકરણની સૂચનાના પગલે પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો, તે સમયે શંકાસ્પદ રીતે પસાર થઈ રહેલા એક પીકઅપ ડાલાને અટકાવવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન ડાલામાં ભરેલા છાણીયા ખાતરની નીચે ચોરખાનું બનાવી વિદેશી દારૂનો જથ્થો સંતાડેલો હોવાનું માલૂમ પડ્યું હતું. પોલીસે આ ઓપરેશનમાં કુલ 1314 નંગ ભારતીય બનાવટની વિદેશી દારૂ અને બિયરની બોટલો કબ્જે કરી હતી, જેની બજાર કિંમત ₹6,00,030 થાય છે. આ ઉપરાંત પોલીસે ₹4 લાખની કિંમતનું પીકઅપ ડાલું અને ₹5000નો મોબાઈલ ફોન મળી કુલ ₹10,05,030નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ કેસમાં પકડાયેલ આરોપીની ઓળખ રાકેશકુમાર ભાખરારામ બિશ્નોઈ (રહે. ડલીવાવ, તા. સાંચોર, જિ. જાલોર, રાજસ્થાન) તરીકે થઈ છે. બુટલેગરો દ્વારા અપનાવવામાં આવતી નવી કીમિયાની વચ્ચે પોલીસની સજાગતાને કારણે આ જથ્થો પકડાયો છે. હાલમાં માવસરી પોલીસે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી આ નેટવર્ક સાથે જોડાયેલા અન્ય આરોપીઓની શોધખોળ તેજ કરી છે.




**વાવ-થરાદ પેરોલ ફર્લો સ્કોડે દૈયપ ત્રણ રસ્તા પાસેથી ખાતર ભરેલા પીકઅપ ડાલામાં છુપાવેલો ₹6 લાખની કિંમતનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો છે. પોલીસે કુલ ₹10.05 લાખનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.**




# જાયન્ટ્સ ગ્રુપ દ્વારા વિવિધ ગામોમાં રાશન કીટનું વિતરણ

**દૈનિક પલ્સ સમાચાર:** જાયન્ટ્સ ગ્રુપ ઓફ મહેસાણા દ્વારા સામાજિક સેવાના કાર્યોને વેગ આપતા આ મહિને પણ રાશન કીટ વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સંસ્થા દ્વારા દર મહિને નિયમિતપણે જરૂરિયાતમંદ પરિવારોની ઓળખ કરી તેમને મદદ પહોંચાડવામાં આવે છે. આ ઝુંબેશ હેઠળ મહેસાણા પંથકના નુગર, બોદલા, સઠીયારડા, મોટપ, પાલોદર, ગોરાદ અને વીરતા જેવા ગામોમાં રેશન કીટ પહોંચાડવામાં આવી હતી.

આ સેવા યજ્ઞમાં જાયન્ટ્સ ગ્રુપના પ્રમુખ શ્રી યોગેશભાઈ પટેલ, ઉપપ્રમુખ શ્રી વિનોદભાઈ પટેલ અને સભ્ય શ્રી સેવંતીભાઈ પટેલે સક્રિય ભૂમિકા ભજવી હતી. તેમણે દરેક ગામમાં લાભાર્થી પરિવારોની રૂબરૂ મુલાકાત લઈને તેમને કીટ એનાયત કરી હતી. કીટમાં જીવનજરૂરી અનાજ અને અન્ય વસ્તુઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો, જેથી ગરીબ પરિવારોને આર્થિક રીતે ટેકો મળી શકે.

જાયન્ટ્સ મહેસાણાના પદધિકારીઓએ જણાવ્યું હતું કે, સંસ્થા માત્ર શહેરી જ નહીં પરંતુ ગ્રામ્ય વિસ્તારોના છેવાડાના માનવી સુધી પહોંચવાનો પ્રયાસ કરી રહી છે. આ પ્રકારના સેવાકીય કાર્યો દ્વારા સમાજમાં પરસ્પર સહયોગ અને માનવતાની ભાવના મજબૂત બને છે. ગામના લોકોએ પણ જાયન્ટ્સ ગ્રુપની આ નિઃસ્વાર્થ સેવાની પ્રશંસા કરી આભાર વ્યક્ત કર્યો હતો.




# સાપાવાડા પાસે બે મારૂતિ કાર વચ્ચે અકસ્માત: મહિલા ઘાયલ

**દૈનિક પલ્સ સમાચાર:** રાજ્યમાં હાઇવે પર વધતી જતી વાહનોની અવરજવર અને અતિશય ગતિ અકસ્માતોનું મુખ્ય કારણ બની રહી છે. સાબરકાંઠા જિલ્લાના સાપાવાડા ગામ નજીક ઇડર-હિંમતનગર હાઇવે પર આજે સવારના સમયે આવી જ એક દુર્ઘટના બની હતી, જેમાં બે મારૂતિ કાર વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. અકસ્માત એટલો જોરદાર હતો કે કારમાં સવાર એક મહિલાને ગંભીર ઇજાઓ પહોંચી હતી. સ્થાનિક લોકોએ તાત્કાલિક મદદ માટે દોડી આવી ૧૦૮ ઇમરજન્સી એમ્બ્યુલન્સને જાણ કરી હતી. ઇજાગ્રસ્ત મહિલાને તાત્કાલિક પ્રાથમિક સારવાર આપી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. હાઇવે રોડ પર વાહનોની બેફામ ગતિના કારણે વારંવાર આવા અકસ્માતો થવાનો ભય રહે છે, જે બાબતે તંત્ર અને વાહનચાલકો બંનેએ જાગૃત થવાની જરૂર છે. પોલીસે આ અકસ્માત અંગે નોંધ કરીને આગળની તપાસ હાથ ધરી છે. સદનસીબે અન્ય કોઇ જાનહાનિના સમાચાર પ્રાપ્ત થયા નથી.

**રિપોર્ટ : જનક જાદવ**



# અમદાવાદ: ટ્રાફિક પોલીસ સાથે ઘર્ષણ કરનાર શખ્સની પોલીસે ધરપકડ કરી

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદના નવરંગપુરામાં ટ્રાફિક પોલીસ પર રોફ જમાવવો અને ફરજમાં રુકાવટ ઉભી કરવી એક ફોર્ચ્યુનર ચાલકને ભારે પડી ગઈ છે. "B" ટ્રાફિક પોલીસ સ્ટેશન દ્વારા મળેલી માહિતી મુજબ, નવા વાડજ ગામના મોટો ભરવાડ વાસમાં રહેતા પર વર્ષીય મહેશકુમાર ઉર્ફે મગનભાઈ ભરવાડની ૬ ફેબ્રુઆરીના રોજ ધરપકડ કરવામાં આવી છે. આ કેસની વિગત એવી છે કે, ૩ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ આરોપી મહેશ ભરવાડ ફોર્ચ્યુનર કાર નંબર GJ-18-ED-1616 લઈને જઈ રહ્યો હતો ત્યારે તેણે ટ્રાફિક સિગ્નલનો ભંગ કર્યો હતો. ફરજ પરના પોલીસ સ્ટાફે તેને અટકાવી મેમો આપતા તેની સાથે દલીલો કરી હતી. આ બાબતની અદાવત રાખીને, બીજા દિવસે ૪ ફેબ્રુઆરીના રોજ રાત્રે અંદાજે ૮:૪૫ વાગ્યે આરોપી ફરી એ જ ગાડી સાથે આવ્યો હતો. તેણે રોડ પર પૂરઝડપે વાહન ચલાવી અચાનક વચ્ચે બ્રેક મારી ટ્રાફિકને અસ્તવ્યસ્ત કરી દીધો હતો. જ્યારે કોન્સ્ટેબલ મહેશકુમાર માલી અને તેમની ટીમ ટ્રાફિક ક્લિયર કરાવવા ગઈ, ત્યારે આરોપીએ ગાડીમાંથી બહાર નીકળીને બૂમો પાડતા કહ્યું કે, "ગઈકાલે મારી ગાડીનો ફોટો કેમ પાડ્યો હતો?" તેણે પોલીસને ગાળો આપી હતી અને પોતાના મળતિયાઓને બોલાવી લેવાની તેમજ પોલીસને સસ્પેન્ડ કરવાની ધમકીઓ આપી હતી. આરોપીએ પોલીસની ટ્રાફિક મેનેજમેન્ટની કામગીરીમાં સરેઆમ અડચણ ઉભી કરી હતી.

પોલીસે આ મામલે ગંભીરતા દાખવી ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમો ૨૨૧ (લોકસેવકની આજ્ઞાનો અનાદર), ૨૮૧ (બેદરકારીથી ડ્રાઈવિંગ), ૨૯૬(B) (જાહેરમાં ઉપદ્રવ) અને ૩૫૧(૧) (ગુનાહિત ધમકી) તેમજ મોટર વ્હીકલ એક્ટની કલમ ૧૭૭ અને ૧૮૪ હેઠળ ગુનો નોંધ્યો હતો. ટેકનિકલ તપાસ અને પુરાવાઓના આધારે પોલીસે ૬ ફેબ્રુઆરીના રોજ સાંજે આરોપીને તેના નિવાસસ્થાનેથી ઝડપી પાડ્યો હતો. આ કામગીરી દ્વારા પોલીસે સંદેશ આપ્યો છે કે ટ્રાફિકના નિયમોનું પાલન ન કરનાર અને કાયદાના રક્ષકો સાથે ગેરવર્તન કરનાર સામે કડક પગલાં લેવામાં આવશે. **રિપોર્ટ : સાજીદખાન પઠાણ**

**અમદાવાદના નવરંગપુરામાં ટ્રાફિક સિગ્નલ ભંગ બદલ દંડ ફટકારતા પોલીસ સાથે ઘર્ષણ કરનાર ફોર્ચ્યુનર ચાલકની ધરપકડ કરાઈ છે. નવા વાડજના મહેશ ભરવાડે પોલીસની ફરજમાં રુકાવટ ઉભી કરી અણછાજતું વર્તન કરતા તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.**

# સરસપુર હિન્દી શાળામાં GCS હોસ્પિટલ દ્વારા વિદ્યાર્થીઓને CPR તાલીમ અપાઈ

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદની સરસપુર હિન્દી શાળા-૧ ખાતે GCS હોસ્પિટલના સહયોગથી એક મહત્વપૂર્ણ શૈક્ષણિક અને આરોગ્યપ્રદ કાર્યક્રમ સંપન્ન થયો હતો. હોસ્પિટલના નિષ્ણાત સ્ટાફ દ્વારા શાળાના ધોરણ ૬, ૭ અને ૮ માં અભ્યાસ કરતા ૧૮૫ વિદ્યાર્થીઓને CPR (કાર્ડિયોપલ્મોનરી રિસસિટેશન) ની વિશેષ તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને ઈમરજન્સી મેડિકલ પરિસ્થિતિઓમાં કેવી રીતે મદદરૂપ થવું તેની જાણકારી આપવાનો હતો. તાલીમ સત્ર દરમિયાન નિષ્ણાતોએ CPR આપવાની સાચી પદ્ધતિ અને તેના મહત્વ વિશે ઊંડાણપૂર્વક સમજૂતી આપી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓની સમજણ ચકાસવા માટે એક પ્રશ્નોત્તરી સ્પર્ધા યોજવામાં આવી હતી. આ પ્રશ્નોત્તરીમાં શ્રેષ્ઠ ઉત્તર આપનાર પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓને શૈક્ષણિક પાઠ્યપુસ્તકો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન જાણવા મળ્યું હતું કે, શાળાના અનેક વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ અગાઉથી જ GCS હોસ્પિટલ અને ત્યાંના તબીબોથી પરિચિત હતા. હોસ્પિટલના સ્ટાફે શાળાના કેમ્પસની મુલાકાત લીધા બાદ ત્યાંની સ્વચ્છતા અને સુઘડ વાતાવરણ જોઈને અત્યંત સંતોષ વ્યક્ત કર્યો હતો. આ પ્રકારના કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓ માત્ર અભ્યાસ જ નહીં, પરંતુ વાસ્તવિક જીવનમાં કામ આવતી કટોકટીની સારવાર પદ્ધતિઓથી પણ સજ્જ બની રહ્યા છે, જે સામાજિક સુરક્ષા માટે ઉત્તમ પગલું ગણી શકાય.



**અમદાવાદની સરસપુર હિન્દી શાળામાં GCS હોસ્પિટલના સહયોગથી CPR તાલીમ શિબિર યોજાઈ હતી. જેમાં ધોરણ ૬ થી ૮ ના ૧૮૫ વિદ્યાર્થીઓને કટોકટીના સમયે જીવ બચાવવાની પદ્ધતિ શીખવવામાં આવી હતી અને શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરાયા હતા.**

# ગુજરાતના 'વંદેમાતરમ્' ટેબ્લોને રાષ્ટ્રીય પરેડમાં સતત ચોથા વર્ષે પ્રથમ સ્થાન

## દિલ્હી પરેડ: ગુજરાતના ટેબ્લોને પ્રથમ સ્થાનની ટ્રોફી મળી

**દૈનિક પલ્સ સમાચાર:** ભારતના ૭૭મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી નિમિત્તે નવી દિલ્હીના કર્તવ્ય પથ પર આયોજિત રાષ્ટ્રીય પરેડમાં ગુજરાત રાજ્યના ટેબ્લોએ રાષ્ટ્રીય સ્તરે સર્વોચ્ચ બહુમાન મેળવીને રાજ્યનું નામ રોશન કર્યું છે. આ વર્ષે ગુજરાત દ્વારા રજૂ કરવામાં આવેલો 'સ્વતંત્રતા કા મંત્ર : વંદેમાતરમ્' થીમ આધારિત ટેબ્લો દેશભરના લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. લોકપ્રિયતાના આધારે નક્કી થતી 'પોપ્યુલર ચોઈસ કેટેગરી'માં ગુજરાતના આ ટેબ્લોને સતત ચોથા વર્ષે પ્રથમ સ્થાન હાંસલ થયું છે, જે રાજ્યના માહિતી અને પ્રસારણ વિભાગની એક મોટી સિદ્ધિ ગણાય છે.

આ રાષ્ટ્રીય વિજયના માનમાં ભારત સરકાર તરફથી પ્રાપ્ત થયેલી પ્રતિષ્ઠિત વિજેતા ટ્રોફી અને પ્રશંસાપત્ર આજે ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને વિધિવત રીતે અર્પણ કરવામાં આવ્યા હતા. રાજ્યના માહિતી અને પ્રસારણ સચિવશ્રી તેમજ માહિતી કમિશનરશ્રીએ મુખ્યમંત્રીશ્રીની શુભેચ્છા મુલાકાત લઈને આ ટ્રોફી અર્પણ કરી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ આનંદની લાગણી વ્યક્ત કરતા રાજ્યના નાગરિકો અને ટેબ્લોના નિર્માણ સાથે જોડાયેલા તમામ કલાકારો તેમજ અધિકારીઓને અભિનંદન પાઠવ્યા હતા.

'વંદેમાતરમ્' થીમ હેઠળ તૈયાર કરાયેલા આ ટેબ્લોમાં ભારતની આઝાદીના અમૃતકાળ અને ક્રાંતિવીરોના સમર્પણને ખૂબ જ જીવંત રીતે રજૂ કરવામાં આવ્યું હતું. ટેબ્લોની કલાત્મકતા, સંગીત અને રજૂઆતે પરેડ જોનારા લાખો લોકોના હૃદય જીતી લીધા હતા. માય ગવર્મેન્ટ (MyGov) પ્લેટફોર્મ પર કરવામાં આવેલા વોટિંગમાં ગુજરાતે અન્ય રાજ્યોને પાછળ છોડીને ટોચનું સ્થાન મેળવ્યું છે. સતત ચાર વર્ષથી આ કેટેગરીમાં પ્રથમ રહેવું એ દર્શાવે છે કે ગુજરાતની સંસ્કૃતિ અને તેની રજૂઆતની પદ્ધતિ દેશના જન-જન સુધી પહોંચી રહી છે. આ એવોર્ડ અર્પણ વિધિ સમયે વહીવટી તંત્રના વરિષ્ઠ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ સફળતા ગુજરાતની વિકાસયાત્રાની સાથે સાંસ્કૃતિક વિકાસના પ્રતીક સમાન છે.

**રિપોર્ટ : સાજીદખાન પઠાણ , દિપક પરમાર**



**નવી દિલ્હી ખાતે ૭૭મા પ્રજાસત્તાક દિવસની રાષ્ટ્રીય પરેડમાં ગુજરાતના સાંસ્કૃતિક વારસા અને દેશભક્તિની ઝાંખી કરાવતા 'સ્વતંત્રતા કા મંત્ર : વંદેમાતરમ્' થીમ આધારિત ટેબ્લોએ સમગ્ર દેશનું દિલ જીત્યું છે. આ ટેબ્લોને 'પોપ્યુલર ચોઈસ કેટેગરી'માં સતત ચોથા વર્ષે દેશમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત થયું છે. ભારત સરકાર તરફથી મળેલ વિજેતા ટ્રોફી અને પ્રશંસાપત્ર આજે ગાંધીનગર ખાતે માહિતી અને પ્રસારણ સચિવ તેમજ માહિતી કમિશનર દ્વારા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને ગૌરવભેર અર્પણ કરવામાં આવ્યા.**

# દેત્રોજમાં ACBનો વિજળીક ત્રાટક, લાંચીયા તલાટી અને પટાવાળાનો ખેલ ખતમ!

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદ જિલ્લાના દેત્રોજમાંથી ભ્રષ્ટાચારનો એક સનસનાટીભર્યો કિસ્સો સામે આવ્યો છે. દેત્રોજ ગ્રામ પંચાયતના તલાટી મંત્રી કેતનભાઈ ધરજીયા અને પટાવાળા જયંતિભાઈ ઠાકોરને ₹9,800ની લાંચ લેતા અમદાવાદ ACBની ટીમે રંગેહાથ ઝડપી પાડ્યા છે.

આ સમગ્ર મામલાની વિગત એવી છે કે, ફરીયાદીના રહેણાંક સોસાયટીના સાત મકાનોની આકારણી કરવાની કામગીરી બાકી હતી. આ કામ માટે તલાટી મંત્રીએ વેરા ઉપરાંત પ્રતિ મકાન ₹1,400 લેખે લાંચની માંગણી કરી હતી. આખરે ₹9,800 લાંચ આપવાનું નક્કી થયું હતું. ફરિયાદી લાંચ આપવા માંગતા ન હોવાથી તેમણે ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરો (ACB) માં ફરિયાદ કરી હતી.

તા. 05/02/2026 ના રોજ અમદાવાદ ACB ફિલ્ડ-2 ના પીઆઈ એન. બી. સોલંકી અને તેમના સ્ટાફે દેત્રોજ ખાતે આવેલા ખોડિયાર એગ્રો સેન્ટર પર જાળ બિછાવી હતી. તલાટી કેતનભાઈએ પોતે ન આવતા પટાવાળા જયંતિભાઈને નાણાં લેવા મોકલ્યા હતા. જેવો જ પટાવાળાએ લાંચની રકમ સ્વીકારી કે તુરંત છુપાઈને ઉભેલી ACBની ટીમે ત્રાટકીને તેને પકડી પાડ્યો હતો. ત્યારબાદ મદદગારી કરનાર તલાટી મંત્રીની પણ ધરપકડ કરવામાં આવી છે. નાયબ નિયામક શ્રીમતી ભારતી પંડ્યાના માર્ગદર્શન હેઠળ આ કાર્યવાહી કરવામાં આવી છે. આ ઘટનાએ સાબિત કરી દીધું છે કે ભ્રષ્ટાચાર આચરનાર ગમે તેટલી ચાલાકી કરે, પણ કાયદાના સકંજામાંથી બચી શકશે નહીં. હાલ બંને આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરીને જેલ હવાલે કરવાની તજવીજ શરૂ કરવામાં આવી છે.

**રિપોર્ટ : સાજીદખાન પઠાણ**



**અમદાવાદના દેત્રોજમાં મકાન આકારણી માટે ₹9,800ની લાંચ લેતા તલાટી કેતનભાઈ ધરજીયા અને પટાવાળાને ACBએ ઝડપી પાડ્યા.**




# વડોદરા: છેવાડાના માનવી સુધી પહોંચ્યા વિકાસના ફળ

વડોદરા જિલ્લામાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકની નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી દ્વારા જિલ્લાના છેવાડાના માનવીના વિકાસ માટે મક્કમ પગલાં ભરવામાં આવી રહ્યા છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના પ્રથમ છ મહિના (એપ્રિલ-૨૦૨૫ થી સપ્ટેમ્બર-૨૦૨૫) દરમિયાન વડોદરા જિલ્લાએ શૈક્ષણિક, સામાજિક અને આર્થિક ઉત્થાન માટેની યોજનાઓમાં અભૂતપૂર્વ પ્રગતિ દર્શાવી છે.

**શિક્ષણ ક્ષેત્રે મજબૂત આધાર:** સરકારના પ્રાધાન્ય મુજબ, અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ શિક્ષણમાં પાછળ ન રહે તે માટે શિષ્યવૃત્તિ યોજનાઓ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. વડોદરા જિલ્લામાં કુલ ૨૨,૮૮૬ જેટલા વિદ્યાર્થીઓને 'પ્રિ-એસએસસી શિષ્યવૃત્તિ' અંતર્ગત આવરી લેવામાં આવ્યા છે, જેના માટે રૂ. ૨૧૦.૧૭ લાખનો ખર્ચ કરાયો છે. આ ઉપરાંત, ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે 'પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ' યોજનામાં રૂ. ૯૯૩.૦૫ લાખની ગ્રાન્ટનો પૂરેપૂરો સદુપયોગ કરીને હજારો વિદ્યાર્થીઓના ભાવિને સુરક્ષિત કરવામાં આવ્યું છે. જિલ્લામાં આવેલી આદર્શ નિવાસી શાળાઓ અને સરકારી છાત્રાલયોના આધુનિકીકરણ અને સુવિધાઓ પાછળ રૂ. ૧૩૮.૯૫ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે, જેથી વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ વાતાવરણ મળી રહે.

**યુવા સશક્તિકરણ અને રોજગાર:** માત્ર પાયાનું શિક્ષણ જ નહીં, પરંતુ સ્પર્ધાત્મક પરીક્ષાઓ દ્વારા સરકારી સેવાઓમાં જોડાવા ઈચ્છતા ૧૮ યુવાનોને તાલીમ યોજના હેઠળ સંપૂર્ણ માર્ગદર્શન અને સહાય પૂરી પાડવામાં આવી છે. સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા ઈચ્છતા તબીબો અને વકીલો માટે પણ લોન સહાયની જોગવાઈઓનો અસરકારક અમલ કરવામાં આવી રહ્યો છે.

**સામાજિક સમરસતા અને સુરક્ષા:** સામાજિક કલ્યાણની દિશામાં, દીકરીઓના લગ્ન પ્રસંગે આર્થિક બોજ હળવો કરતી 'કુંવરબાઇનું મામેરું' યોજના હેઠળ રૂ. ૭.૪૪ લાખની સહાય ચૂકવવામાં આવી છે. સામાજિક ભેદભાવો દૂર કરવા અને સમરસતા લાવવા માટે ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના અંતર્ગત નિર્ધારિત રૂ. ૯૦ લાખની ગ્રાન્ટનો લક્ષ્યાંક મુજબ સો ટકા ઉપયોગ થયો છે. નાગરિક હક્કોના રક્ષણ માટે અત્યાચાર સહાય અંતર્ગત ૬૯ લાભાર્થીઓને રૂ. ૩૯.૭૫ લાખની સહાય પૂરી પાડીને તેમને સામાજિક સુરક્ષા પ્રદાન કરવામાં આવી છે.

વડોદરા જિલ્લાની અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી દ્વારા અમલી આ તમામ યોજનાઓ સમાજના વંચિત અને પછાત વર્ગોના આર્થિક અને સામાજિક સશક્તિકરણની પ્રક્રિયાને વેગ આપી રહી છે. આ કામગીરી સાબિત કરે છે કે સરકારના વિકાસના ફળ હવે છેવાડાના માનવી સુધી વાસ્તવિક રીતે પહોંચી રહ્યા છે. **સાગર**




# અંકલેશ્વરમાં બેંક પાસે હથિયાર સાથે નોકરી કરતો યુપીનો શખ્સ ઝડપાયો

**દૈનિક પલ્સ સમાચાર:** ભરૂચ જિલ્લામાં ગેરકાયદેસર હથિયારો અને ગુનાખોરી નાબૂદ કરવા માટે પોલીસે લોખંડી હાથે કામગીરી શરૂ કરી છે. આ દરમિયાન અંકલેશ્વરના વ્યસ્ત વિસ્તારમાં ચોંકાવનારી વિગતો સામે આવી છે.

પોલીસ મહાનિરીક્ષક વડોદરા વિભાગ અને ભરૂચ એસપીના માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી.ની ટીમે અંકલેશ્વર જૂના નેશનલ હાઈવે નંબર ૦૮ પર આવેલી ફેડરલ બેંક ખાતે દરોડો પાડ્યો હતો. અહીં છેલ્લા ૧૦ મહિનાથી હથિયારી ગાર્ડ તરીકે નોકરી કરતો જય સુરેન્દ્રનાથ મિશ્રા પોલીસના સકંજામાં આવ્યો છે. તપાસમાં બહાર આવ્યું છે કે આ શખ્સ પાસે ઉત્તર પ્રદેશના પ્રયાગરાજનો હથિયાર પરવાનો હતો, પરંતુ ગુજરાતમાં અને ખાસ કરીને ભરૂચ જિલ્લામાં તેણે કોઈ નોંધણી કરાવી નહોતી.

બાતમીદાર તનવીર મહમદફારૂકની સચોટ માહિતીને કારણે પોલીસે સમયસર કાર્યવાહી કરી સિંગલ બેરલ બંદૂક અને ૫ જીવતા કારતૂસ સાથે આરોપીને દબોચી લીધો છે. ૧૦ મહિના સુધી કોઈ પણ સરકારી રેકોર્ડ વગર હથિયાર સાથે ફરતો આ શખ્સ સુરક્ષા સામે મોટો પ્રશ્નાર્થ હતો. હાલ પોલીસે હથિયાર જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**રિપોર્ટ : શૈલેષ સોલંકી**



# યુનિવર્સિટી સામે ભાવનગર સ્ટેટનું મ્યુઝિયમ બનાવવા યુવક કોંગ્રેસની રજૂઆત

**દૈનિક પલ્સ સમાચાર:** ભાવનગર યુવક કોંગ્રેસ દ્વારા શહેરના શૈક્ષણિક અને ઐતિહાસિક મહત્વને ધ્યાનમાં રાખીને યુનિવર્સીટી વિસ્તારમાં ભાવનગર સ્ટેટનું મ્યુઝિયમ સ્થાપવાની માંગણી કરવામાં આવી છે. યુવક કોંગ્રેસના મહામંત્રી ગિરિરાજસિંહ વાળાએ સત્તાધીશોને પત્ર પાઠવીને રજૂઆત કરી છે કે મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સીટીના વહીવટી કાર્યાલયની સામેના ભાગમાં મ્યુઝિયમનું નિર્માણ કરવું જોઈએ.

રજૂઆતમાં જણાવ્યા અનુસાર, ભારતની આઝાદી સમયે ભાવનગર સ્ટેટે સૌપ્રથમ પોતાનું રાજ્ય રાષ્ટ્રને સમર્પિત કરીને અખંડ ભારતના પાયા નાખ્યા હતા. આ ગૌરવશાળી ઈતિહાસ વિશે દેશ-વિદેશના લોકો જાણે તે જરૂરી છે. યુનિવર્સીટી ખાતે શૈક્ષણિક કાર્યક્રમો કે મુલાકાત અર્થે દેશની વિવિધ યુનિવર્સીટીઓના પ્રતિનિધિઓ, વિષય નિષ્ણાતો અને પ્રોફેસરો આવતા હોય છે. આ ઉપરાંત હજારો વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ પણ કાર્યાલયની મુલાકાત લેતા હોય છે. જો આ સ્થળે મ્યુઝિયમ હોય તો મુલાકાતીઓ ઓછા સમયમાં ભાવનગરના ઈતિહાસને સમજી શકે અને જાણી શકે. આ મ્યુઝિયમ માત્ર પ્રદર્શનનું કેન્દ્ર નહીં પરંતુ શિક્ષણ અને સંશોધન માટે પણ ઉપયોગી સાબિત થઈ શકે છે. યુવક કોંગ્રેસે આશા વ્યક્ત કરી છે કે આ માંગણી સ્વીકારવામાં આવશે તો ભાવનગરના ભવ્ય વારસાને યોગ્ય સન્માન મળશે અને પ્રવાસન ક્ષેત્રે પણ ફાયદો થશે. **રિપોર્ટ : ઝીશાન ખૂંટ**



**ભાવનગર યુવક કોંગ્રેસ દ્વારા મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સીટી કાર્યાલયની સામે ભાવનગર સ્ટેટનું મ્યુઝિયમ બનાવવાની માંગ કરવામાં આવી છે. આ રજૂઆતનો મુખ્ય ઉદ્દેશ્ય મુલાકાતીઓને ભાવનગરના ઐતિહાસિક વારસા અને રાષ્ટ્રાર્પણના ઈતિહાસથી માહિતગાર કરવાનો છે.**

# મુખ્યમંત્રીએ ખેડા જિલ્લાને રૂ. 348 કરોડના વિકાસકાર્યોની ભેટ ધરી

## કપડવંજ: CMએ કર્યું સામૂહિક આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ



**દૈનિક પલ્સ સમાચાર:** ખેડા જિલ્લાના કપડવંજ અને ફાગવેલ ખાતે આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે વિકાસના નવા સોપાનો સર થયા છે. કપડવંજ હેલીપેડ પર ઉતરાણ સમયે પ્રભારી મંત્રી રમણભાઈ સોલંકી, મહેસૂલ મંત્રી સંજય સિંહ મહીડા, ધારાસભ્ય રાજેશભાઈ ઝાલા, કલેક્ટર અમિત પ્રકાશ યાદવ અને એસપી વિજય પટેલ સહિતના મહાનુભાવોએ તેમનું સ્વાગત કર્યું હતું.

મુખ્યમંત્રીએ કપડવંજમાં ₹6.5 કરોડના ખર્ચે તૈયાર થયેલા અત્યાધુનિક સામૂહિક આરોગ્ય કેન્દ્ર (CHC) અને ₹1 કરોડના ખર્ચે નિર્મિત નવી આયુર્વેદિક હોસ્પિટલનું લોકાર્પણ કર્યું હતું. આ આરોગ્ય કેન્દ્ર આધુનિક મેડિકલ ટેકનોલોજી અને આયુર્વેદિક ચિકિત્સાનો સમન્વય છે. આ કેન્દ્રથી કપડવંજ શહેર સહિત અંતિસર, આંત્રોલી, નિરમાલી અને વઘાસ જેવા ગ્રામીણ વિસ્તારોની 2.7 લાખથી વધુ વસ્તીને 24 કલાક ઈમરજન્સી સારવાર, ગાયનેક સુવિધા, ડાયાલિસિસ અને લેબોરેટરી જેવી સેવાઓ ઘરઆંગણે મળશે.

આરોગ્ય સુવિધાઓના લોકાર્પણ બાદ મુખ્યમંત્રીએ સુપ્રસિદ્ધ ફાગવેલ ભાથીજી મહારાજ મંદિરે દર્શન અને પૂજન કરી રાજ્યની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી. અહીં તેમણે સ્થાનિક જનમેદનીનું અભિવાદન કર્યું અને વેપારીઓ સાથે વાતચીત કરી હતી. ફાગવેલની પવિત્ર ધરતી પરથી તેમણે ખેડા જિલ્લાને કુલ ₹348 કરોડથી વધુના ખર્ચે તૈયાર થનારા 31 વિવિધ વિકાસલક્ષી કામોની ભેટ ધરી હતી.

આ વિકાસકાર્યોમાં ₹234 કરોડના ખર્ચે પૂર્ણ થયેલા 13 કામોનું લોકાર્પણ અને ₹113 કરોડના 18 નવા કામોના ખાતમુહૂર્તનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટ્સ અંતર્ગત ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, માર્ગ અને મકાન વિભાગ, નડિયાદ મહાનગરપાલિકા અને પશુપાલન વિભાગના કાર્યોને આવરી લેવામાં આવ્યા છે. આ તકે મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, સરકાર નાગરિકોના સ્વાસ્થ્ય અને પાયાની સુવિધાઓ માટે પ્રતિબદ્ધ છે. ખેડા જિલ્લાના વિકાસના પથ પર આ નવા સોપાનો જિલ્લાની સર્વાંગી સમૃદ્ધિ અને વિકાસના નવા યુગનો પ્રારંભ કરાવશે. કાર્યક્રમમાં વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ અને જિલ્લાના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કપડવંજ ખાતે ₹6.5 કરોડના સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને ₹1 કરોડની આયુર્વેદિક હોસ્પિટલનું લોકાર્પણ કર્યું છે. આ સાથે ફાગવેલથી તેમણે ખેડા જિલ્લા માટે ₹348 કરોડથી વધુના 31 વિકાસકાર્યોની ભેટ ધરી જિલ્લાના સર્વાંગી વિકાસને વેગ આપ્યો છે. રિપોર્ટર: હસમુખભાઈ નાયક**

# સાપાવાડા હાઈવે પર બે કાર વચ્ચે અકસ્માત, મહિલાને ગંભીર ઈજા

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાતના હાઇવે માર્ગો પર વાહનોની બેફામ ગતિ હવે જોખમી સાબિત થઈ રહી છે. વાહનચાલકોની જરા સરખી બેદરકારી મોટા અકસ્માતને નોતરે છે. આવી જ એક ઘટના સાબરકાંઠા જિલ્લાના સાપાવાડા ગામ પાસેના હાઇવે પર બની છે. ઇડરથી હિંમતનગર તરફ જતાં માર્ગ પર આજે સવારના સમયે બે મારૂતિ કાર વચ્ચે અકસ્માત સર્જાતા હાઇવે પર અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો. મળતી વિગતો મુજબ, સાપાવાડા પાસે બે કારના ચાલકોએ વાહન પરનો કાબૂ ગુમાવતા બંને વાહનો એકબીજા સાથે અથડાયા હતા. આ અકસ્માત એટલો તીવ્ર હતો કે વાહનોને નોંધપાત્ર નુકસાન થયું હતું. અકસ્માત દરમિયાન કારમાં સવાર એક મહિલાને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત થતા જ આસપાસના લોકો અને અન્ય વાહનચાલકો મદદે દોડી આવ્યા હતા.

સ્થાનિકોએ માનવતા દાખવી તુરંત 108 ઇમરજન્સી સેવાનો સંપર્ક કર્યો હતો. 108 ની ટીમ સમયસર પહોંચી જતા મહિલાને પ્રાથમિક સારવાર આપી તાત્કાલિક નજીકની હોસ્પિટલ ખાતે રિફર કરવામાં આવી હતી.

હાલમાં હોસ્પિટલમાં મહિલાની સઘન સારવાર ચાલી રહી છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, ઇડર-હિંમતનગર હાઇવે પર વાહનો ખૂબ જ સ્પીડમાં પસાર થતા હોય છે, જેના કારણે વળાંકો કે ક્રોસિંગ પર અકસ્માત થવાની પૂરેપૂરી સંભાવના રહે છે. વારંવારની રજૂઆતો છતાં ગતિ મર્યાદા બાબતે કોઈ ચોક્કસ પગલાં ન લેવાતા હોવાથી નિર્દોષ લોકો ભોગ બની રહ્યા છે. આ અકસ્માતને પગલે હાઇવે પર થોડો સમય ટ્રાફિકમાં અવરોધ ઊભો થયો હતો, પરંતુ ગ્રામજનો અને રાહદારીઓએ વાહનોને સાઈડમાં કરી રસ્તો ખુલ્લો કરાવ્યો હતો. **રિપોર્ટ : જનક જાદવ**

**સાબરકાંઠાના સાપાવાડા પાસે ઇડર-હિંમતનગર હાઇવે પર બે મારૂતિ કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં એક મહિલાને ગંભીર ઇજાઓ પહોંચતા 108 મારફતે તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતને પગલે હાઇવે પર લોકોના ટોળા ઉમટી પડ્યા હતા.**




# વડોદરામાં સોલો સાઈકલિસ્ટ આશા માલવિયાનું ગૌરવપૂર્ણ સ્વાગત


**દૈનિક પલ્સ સમાચાર:** રાષ્ટ્રીય સ્તરની સાઇકલિસ્ટ અને સાહસિક પર્વતારોહક આશા માલવિયા હાલ સમગ્ર ભારતને પોતાની સાઇકલના પેડલ વડે માપી રહ્યા છે. "મહિલા સશક્તિકરણ અને દેશપ્રેમ" ના સંદેશ સાથેની તેમની આ ઐતિહાસિક સોલો યાત્રા હાલ સંસ્કારી નગરી વડોદરા આવી પહોંચી છે. વડોદરામાં તેમણે વડોદરાના પોલીસ કમિશનર નરસિંહ કોમરની સત્તાવાર મુલાકાત લીધી હતી, જ્યાં પોલીસ વિભાગ દ્વારા તેમનું સન્માન કરાયું હતું. વડોદરાની શાળાઓમાં વિદ્યાર્થીઓ સાથે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે હિંમત અને મહેનતના જોરે કોઈપણ મુશ્કેલીને માત આપી શકાય છે.

યાત્રાનો ઉદ્દેશ્ય અને પ્રગતિ: આશા માલવિયાની આ સફર રાજસ્થાનના જયપુર સ્થિત સાઉથ વેસ્ટર્ન કમાન્ડના મુખ્ય મથકથી શરૂ થઈ હતી. અત્યાર સુધીમાં તેમણે ભારતના પશ્ચિમી છેડાથી પૂર્વીય સીમાડા તરફ આગળ વધતા 7,800 કિલોમીટરનું અંતર કાપ્યું છે. આ યાત્રા પાછળનો મુખ્ય હેતુ 78મા ભારતીય સેના દિવસની સ્મૃતિમાં દેશભક્તિનો પ્રસાર કરવાનો અને મહિલાઓને આત્મનિર્ભરતા માટે પ્રેરિત કરવાનો છે.

સિદ્ધિઓનું ભાથું: મધ્યપ્રદેશના રાજગઢ જિલ્લાના નટરામ ગામના આશા માલવિયા માત્ર એક રમતવીર નથી, પણ એક સામાજિક પરિવર્તનના વાહક છે. તેમની અગાઉની સિદ્ધિઓ પણ અદભૂત છે:

- રાષ્ટ્રીય અભિયાન: 28 રાજ્યોમાં 26,000 કિલોમીટરની સાઇકલિંગ ઝુંબેશ.
- કઠિન મિશન: 17,500 કિલોમીટરનું “મજબૂત સેના, સમૃદ્ધ ભારત” મિશન, જેમાં તેમણે કારગિલ, સિયાચીન અને ઉમલિંગ લા પાસ જેવા વિશ્વના સૌથી ઊંચા યુદ્ધ સ્મારકોની મુલાકાત લીધી હતી.
- પર્વતારોહણ: બીસી રોય પીક (20,500 ફૂટ) અને તેનઝિંગ ખાન શિખર (19,545 ફૂટ) જેવા ઊંચા પહાડો સર કર્યા છે.

માતાની પ્રેરણા અને સંદેશ: પોતાની સફળતાનો શ્રેય આશા પોતાની માતાને આપે છે, જેમણે મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ તેને રમતગમત અને સાહસિક પ્રવૃત્તિઓ માટે પ્રોત્સાહિત કરી. વડોદરામાં રોકાણ પૂર્ણ કર્યા બાદ તેઓ હવે ગોધરા થઈને આગળ વધશે. તેમની આ યાત્રા માત્ર એક પ્રવાસ નથી, પણ તે ભારતીય નારીની શક્તિ અને રાષ્ટ્રીય એકતાની ઉજવણી છે. દરેક રાજ્ય અને શહેરમાં તેમનું ઉમળકાભેર સ્વાગત થઈ રહ્યું છે, જે દર્શાવે છે કે આશાનું મિશન લોકોના હૃદય સુધી પહોંચી રહ્યું છે. તે પેડલ દ્વારા દેશને જોડી રહી છે અને લાખો યુવતીઓને સપના જોવાની હિંમત આપી રહી છે. **ભાગ્યશ્રી**




# બીલખા: ખોડલધામ કેન્સર હોસ્પિટલના લાભાર્થે રથનું પૂજન અને અનુદાન

**દૈનિક પલ્સ સમાચાર:** જૂનાગઢ જિલ્લાના બીલખા ગામે શ્રી ખોડલધામ કેન્સર હોસ્પિટલના નિર્માણ અર્થે નીકળેલા જનજાગૃતિ રથનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ખોડલધામ ટ્રસ્ટ દ્વારા લોકોના સ્વાસ્થ્ય અને કેન્સર જેવી બીમારીના સચોટ ઈલાજ માટે હોસ્પિટલ બનાવવાનો નિર્ધાર કરવામાં આવ્યો છે, જેના ભાગરૂપે આઈ શ્રી ખોડીયાર માતાજીનો રથ અત્યારે ભ્રમણ પર છે. બીલખા ખાતે રથના આગમન સમયે ગ્રામજનોએ પૂજન-અર્ચન કરીને ભક્તિમય વાતાવરણ સર્જ્યું હતું. આ કાર્યક્રમમાં બીલખાના વતની અને પોતાની વાડીએ રહીને સાદગીપૂર્ણ પ્રાકૃતિક જીવન જીવતા છગનભાઈ ભગવાનભાઈ રૈયાણી અને તેમના પત્ની પ્રભાબેન રૈયાણીએ વિશેષ સહયોગ આપ્યો હતો. આ પ્રૌઢ દંપતીએ સેવાના આ યજ્ઞમાં રૂ. 11,000નું રોકડ અનુદાન અર્પણ કર્યું હતું. સેવાકીય હેતુ માટે આપવામાં આવેલું આ અનુદાન સમગ્ર સમાજ માટે પ્રેરણાદાયક બની રહ્યું છે. રૈયાણી દંપતીએ ફુલ નહીં તો ફુલની પાંખડી સ્વરૂપે આ રકમ અર્પણ કરીને સામાજિક સમરસતા અને માનવતાનું ઉદાહરણ રજૂ કર્યું છે. બીલખાના વિવિધ સમાજના આગેવાનોએ પણ આ પ્રસંગે હાજર રહીને રથનું સન્માન કર્યું હતું અને હોસ્પિટલ નિર્માણના આ ઉમદા કાર્યમાં સહભાગી થવાની તૈયારી દર્શાવી હતી.

**રિપોર્ટ આશિષ વસાવડા**



**જૂનાગઢના બીલખામાં ખોડલધામ કેન્સર હોસ્પિટલના નિર્માણ અર્થે ફરેલા આઈ શ્રી ખોડીયાર માતાજીના રથનું ભવ્ય સ્વાગત કરાયું હતું. આ પ્રસંગે બીલખાના છગનભાઈ રૈયાણી અને પ્રભાબેન રૈયાણી દંપતીએ રૂ. 11,000નું અનુદાન આપી સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવ્યું હતું.**

# ડાંગ અનાજ ચોરી કેસ: એક વર્ષથી ફરાર વોન્ટેડ આરોપી ઝડપાયો

**દૈનિક પલ્સ સમાચાર:** ડાંગ જિલ્લાના વઘઇ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનેલી સરકારી અનાજ ચોરીની ઘટનામાં પોલીસે એક વર્ષથી નાસતા ફરતા આંતરરાજ્ય આરોપીને ઝડપી પાડ્યો છે. આરોપી મૈફુઝ અબ્દુલહઇ ખાન (ઉ.વ. 24, રહે. અલાવલપુર, યુ.પી.) સુરત ગ્રામ્યના પલસાણા વિસ્તારમાં હોવાની સચોટ માહિતી મળતા પોલીસે ઓપરેશન પાર પાડ્યું હતું. તપાસ દરમિયાન સામે આવેલી વિગતો મુજબ, આરોપી એક રીઢો ગુનેગાર છે જેની સામે અન્ય રાજ્યોમાં પણ કેસ નોંધાયેલા છે. આરોપી અને તેના સાથીદારોએ અગાઉ ઉત્તર પ્રદેશના સૈયદરાજા પોલીસ સ્ટેશનની હદમાંથી એક ટ્રકની લૂંટ કરી હતી. લૂંટ બાદ આ ટ્રકનો ઉપયોગ ગુનાઈત પ્રવૃત્તિ માટે કરવામાં આવતો હતો. આરોપીએ મહારાષ્ટ્રના નાશિક જિલ્લાના દેવલા ખાતેથી આશરે 2523 ક્વિન્ટલ મકાઈના જથ્થાની (કિંમત રૂ. 6.17 લાખ) ચોરી કરી હતી અને તેને સુરતના માંડવી વિસ્તારમાં વેચાણ માટે લઈ ગયો હતો. મહારાષ્ટ્રના દેવલા પોલીસ સ્ટેશનમાં પણ આ સંદર્ભે ગુનો નોંધાયેલો છે. ડાંગ પોલીસે હાલ આરોપીને વઘઇ ખાતે લાવી કાયદેસરની ધરપકડ કરી છે. આ કાર્યવાહીથી ગુજરાત અને મહારાષ્ટ્રમાં બનેલા ગંભીર ચોરીના ગુનાઓનો ભેદ ઉકેલાયો છે. પોલીસ હાલ આ ગેંગના અન્ય સભ્યોની સંડોવણી અંગે તપાસ કરી રહી છે. **રિપોર્ટ : સંદીપ ચૌધરી**



**ડાંગ જિલ્લામાં નાસતા ફરતા આરોપીઓને પકડવાની ઝુંબેશ હેઠળ વઘઇ પોલીસે સરકારી અનાજ ચોરીના ગુનામાં મહત્વની સફળતા મેળવી છે. છેલ્લા એક વર્ષથી ફરાર આરોપી મૈફુઝ અબ્દુલહઇ ખાનને ટેકનિકલ સોર્સના આધારે સુરતના પલસાણાથી ઝડપી લેવામાં આવ્યો છે. પોલીસ તપાસમાં ખૂલ્યું છે કે આરોપીએ અગાઉ ઉત્તર પ્રદેશમાંથી ટ્રક લૂંટી હતી અને મહારાષ્ટ્રના દેવલા વિસ્તારમાંથી લાખોની મકાઈ ચોરી કરી સુરત વેચવા લઈ ગયો હતો. મહારાષ્ટ્ર પોલીસમાં પણ તેની સામે ગુનો નોંધાયેલો છે. હાલ વધુ કાર્યવાહી હાથ ધરાઈ છે.**

# બજેટ ૨૦૨૬: અનુરાગ ઠાકુરે કેન્દ્રીય બજેટને 'બૂસ્ટર ડોઝ' ગણાવ્યું

## વિકસિત ભારત માટે બજેટ ૨૦૨૬ એક 'બૂસ્ટર ડોઝ': અનુરાગ ઠાકુર

**દૈનિક પલ્સ સમાચાર:** ૬ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ પૂર્વ કેન્દ્રીય મંત્રી અને સાંસદ શ્રી અનુરાગ સિંહ ઠાકુરે એક મહત્વપૂર્ણ પ્રોફેશનલ મીટ અને પત્રકાર પરિષદને સંબોધિત કરી હતી. આ અવસરે તેમણે કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭ ને 'વિકસિત ભારતનો બૂસ્ટર ડોઝ' ગણાવી તેના વિવિધ પાસાઓ પર વિગતવાર પ્રકાશ પાડ્યો હતો. ઠાકુરે ભારપૂર્વક જણાવ્યું કે વડાપ્રધાનના નેતૃત્વમાં ભારત હવે યુવા સંચાલિત અર્થતંત્ર તરફ આગળ વધી રહ્યું છે.

બજેટની મુખ્ય લાક્ષણિકતાઓ જણાવતા તેમણે કહ્યું કે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે કેપિટલ એક્સપેન્ડિચર (મૂડી ખર્ચ) નો લક્ષ્યાંક વધારીને ₹૧૨.૨ લાખ કરોડ કરવામાં આવ્યો છે, જે ઇન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે નવી ઊંચાઈઓ સર કરશે. ૨૦૧૪ પછી શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે થયેલી અભૂતપૂર્વ વૃદ્ધિના આંકડા રજૂ કરતા તેમણે નોંધ્યું કે દેશમાં મેડિકલ કોલેજો ૩૮૪ થી વધીને ૭૦૬ થઈ છે, જ્યારે યુનિવર્સિટીઓની સંખ્યા ૪૫૦ થી વધીને ૧,૧૦૦ ને પાર કરી ગઈ છે. તેવી જ રીતે એઈમ્સ (AIIMS) ની સંખ્યા ૭ થી ૨૩ થઈ છે, અને IIT-IIM જેવી પ્રીમિયર સંસ્થાઓમાં પણ નોંધપાત્ર વધારો થયો છે.

મહિલા સશક્તિકરણ અને કલ્યાણ માટે ₹૫ લાખ કરોડની ફાળવણી એ સરકારની સંવેદનશીલતા દર્શાવે છે, જે પાછલા વર્ષ કરતા ૧૧.૩૬% નો વધારો સૂચવે છે. કૃષિ અને ગ્રામીણ વિકાસ માટે ₹૪,૩૫,૭૭૯ કરોડનું સંયુક્ત બજેટ ફાળવવામાં આવ્યું છે, જેમાં ₹૧.૭૦ લાખ કરોડની ખાતર સબસિડીનો પણ સમાવેશ થાય છે, જે ખેડૂતોને સીધો ફાયદો પહોંચાડશે.

રોજગારીના ક્ષેત્રે સરકારનું વિઝન સ્પષ્ટ કરતા અનુરાગ ઠાકુરે જણાવ્યું કે એનિમેશન, વિઝ્યુઅલ ઇફેક્ટ્સ, ગેમિંગ અને કોમિક્સ (AVGC) જેવી ક્રિએટિવ ઇકોનોમી પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. સરકારનું લક્ષ્ય આ ક્ષેત્રમાં ૧૦ લાખ નવી નોકરીઓ ઊભી કરવાનું છે. આ માટે દેશની ૧૫,૦૦૦ શાળાઓમાં અત્યાધુનિક લેબ સ્થાપવામાં આવશે, જેથી નાનપણથી જ બાળકોમાં ટેકનિકલ કૌશલ્યનો વિકાસ થાય. એકંદરે, આ બજેટ ભારતને ગ્લોબલ ઇકોનોમિક પાવરહાઉસ બનાવવા માટેનું મજબૂત માળખું પૂરું પાડે છે.



**પૂર્વ કેન્દ્રીય મંત્રી અનુરાગ સિંહ ઠાકુરે બજેટ ૨૦૨૬ને 'વિકસિત ભારત' માટે બૂસ્ટર ડોઝ ગણાવ્યું છે. આ બજેટમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટે ₹૧૨.૨ લાખ કરોડ અને મહિલા કલ્યાણ માટે ₹૫ લાખ કરોડની જોગવાઈ સાથે શિક્ષણ-સ્વાસ્થ્ય ક્ષેત્રે અભૂતપૂર્વ વૃદ્ધિ પર ભાર મૂકવામાં આવ્યો છે.**

# મેસણની એચ.એસ. વ્યાસ વિદ્યાલયમાં વિદાય અને નિવૃત્તિ સન્માન સમારોહ

**દૈનિક પલ્સ સમાચાર:** ઈડર તાલુકાની મેસણ સ્થિત શ્રીમતી એચ.એસ. વ્યાસ વિદ્યાલયમાં શિક્ષણ અને સ્નેહના મિલન સમો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મુખ્યત્વે ત્રણ મહત્વના પ્રસંગોની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ, નર્સિંગના તાલીમાર્થીઓનો શપથવિધિ અને નિવૃત્ત થતા કર્મઠ કર્મચારીઓનું વિદાય સન્માન સામેલ હતું.

કાર્યક્રમ દરમિયાન સંસ્થામાં વર્ષો સુધી નિષ્ઠાપૂર્વક ફરજ બજાવી નિવૃત્ત થઈ રહેલા આચાર્ય શ્રી રમેશચંદ્ર સી. પટેલ અને સેવક શ્રી શિવસિંહ બી. રાઠોડનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. મહાનુભાવોએ તેમના સંબોધનમાં નિવૃત્ત થતા સાથીદારોની સેવાની પ્રશંસા કરી હતી અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. ખાસ કરીને નર્સિંગના વિદ્યાર્થીઓને માનવસેવાના શપથ લેવડાવવામાં આવ્યા હતા.

આ મંગલ પ્રસંગે આચાર્ય અને સેવકશ્રી તરફથી સમગ્ર શાળા પરિવાર માટે સમૂહ ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના ટ્રસ્ટી મંડળ, શિક્ષકગણ અને ગ્રામજનોના સહયોગથી આ સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. વિદ્યાર્થીઓએ ભારે હૈયે શાળામાંથી વિદાય લીધી હતી, જ્યારે નિવૃત્ત કર્મચારીઓને તેમના ભાવિ જીવન માટે સૌએ શુભેચ્છાઓ પાઠવી હતી. સ્નેહભર્યા વાતાવરણમાં યોજાયેલા આ કાર્યક્રમે શાળાની એકતા અને ગરિમાના દર્શન કરાવ્યા હતા. **રિપોર્ટ : યાજ્ઞિક પટેલ**



**ઈડરના મેસણની એચ.એસ. વ્યાસ વિદ્યાલયમાં ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ અને નર્સિંગ વિદ્યાર્થીઓનો શપથવિધિ યોજાયો હતો. આ પ્રસંગે નિવૃત્ત થતા આચાર્ય રમેશચંદ્ર પટેલ અને સેવક શિવસિંહ રાઠોડનું ભાવભીનું સન્માન કરી તેમને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.**





# ગુજરાતથી શ્રીલંકા પહોંચ્યા પવિત્ર બુદ્ધ અવશેષો: પ્રદર્શન

**દૈનિક પલ્સ સમાચાર:** ભગવાન બુદ્ધના પવિત્ર દેવનીમોરી અવશેષોનું શ્રીલંકામાં આગમન એ ભારત અને શ્રીલંકા વચ્ચેના સહિયારા બૌદ્ધ વારસા અને સભ્યતાલક્ષી સંબંધોને વધુ મજબૂત બનાવતી એક ગૌરવશાળી ક્ષણ છે. ભારતીય વાયુસેનાના વિશેષ વિમાનમાં આ પવિત્ર અવશેષો શ્રીલંકા પહોંચ્યા હતા, જ્યાં નિર્ધારિત પ્રોટોકોલ મુજબ તેમને પૂર્ણ રાજ્ય સન્માન સાથે આવકારવામાં આવ્યા હતા. આ પ્રતિનિધિમંડળનું નેતૃત્વ ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં વરિષ્ઠ બૌદ્ધ સાધુઓ અને ઉચ્ચ સરકારી અધિકારીઓ સામેલ હતા.

**ઐતિહાસિક પૃષ્ઠભૂમિ અને ઉદ્ઘાટન:** આ પ્રદર્શન વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા એપ્રિલ 2025માં શ્રીલંકાની મુલાકાત દરમિયાન કરવામાં આવેલી ઘોષણાનું અમલીકરણ છે. વડાપ્રધાને બૌદ્ધ સંબંધોને પ્રોત્સાહન આપવા માટે ગ્રાન્ટની પણ જાહેરાત કરી હતી. 4 ફેબ્રુઆરી, 2026ના રોજ, જે શ્રીલંકાનો 78મો સ્વતંત્રતા દિવસ છે, કોલંબોના ગંગારામાયા મંદિરમાં શ્રીલંકાના રાષ્ટ્રપતિ શ્રી અનુરા કુમારા દિસાનાયકે દ્વારા આ પ્રદર્શનનું વિધિવત ઉદ્ઘાટન કરાયું હતું. આ પ્રસંગે શ્રીલંકાના બુદ્ધશાસન અને સાંસ્કૃતિક બાબતોના મંત્રીઓ સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

**પ્રદર્શનની વિશેષતાઓ:** ભારતની બહાર દેવનીમોરી અવશેષોનું આ સર્વપ્રથમ જાહેર પ્રદર્શન છે. અગાઉ 2012 અને 2018માં અન્ય સ્થળોના અવશેષો મોકલવામાં આવ્યા હતા, પરંતુ દેવનીમોરી અવશેષોનું આંતરરાષ્ટ્રીય સ્તરે આ પ્રથમ પૂજન પ્રદર્શન છે. ગંગારામાયા મંદિર ખાતે "પિપ્રાહવાના પવિત્ર અવશેષોની શોધ" અને "સમકાલીન ભારતની સાંસ્કૃતિક ભાગીદારી" નામના બે વિશેષ પ્રદર્શનો પણ ભક્તો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા છે.

**આધ્યાત્મિક અને રાજદ્વારી મહત્વ:** પવિત્ર દેવનીમોરી અવશેષો ભગવાન બુદ્ધના કરુણા, અહિંસા અને શાંતિના શાશ્વત સંદેશનું જીવંત પુરાવો છે. આ પહેલ માત્ર ધાર્મિક આસ્થા જ નહીં, પરંતુ બંને દેશો વચ્ચેના મજબૂત સાંસ્કૃતિક અને રાજદ્વારી સંબંધોને પ્રતિબિંબિત કરે છે. 5 ફેબ્રુઆરીથી જાહેર દર્શન માટે ખુલ્લા મૂકવામાં આવેલા આ અવશેષોને નિહાળવા માટે શ્રીલંકા અને વિશ્વભરમાંથી હજારો બૌદ્ધ શ્રદ્ધાળુઓ ઉમટી રહ્યા છે. આ પ્રકારના આદાનપ્રદાનથી ભારતની 'નેબરહુડ ફર્સ્ટ' નીતિ અને સાંસ્કૃતિક રાજદ્વારી ક્ષમતા વધુ સુદ્રઢ બને છે, જે બંને રાષ્ટ્રો વચ્ચેના લોકોના સંપર્કને નવો આયામ પૂરો પાડે છે.




# ડેસરના વાંકાનેડા રોડ પર નજર ચુકવી બેગ લિફ્ટિંગની ઘટના

**દૈનિક પલ્સ સમાચાર:** ડેસર તાલુકાના વાંકાનેડા રોડ પરથી બેગ લિફ્ટિંગની એક ઘટના પ્રકાશમાં આવતા મુસાફરોમાં ફફડાટ ફેલાયો છે. આ ઘટનામાં તસ્કરોએ જૂની અને જાણીતી 'ધ્યાન ભટકાવવાની' પદ્ધતિનો ઉપયોગ કરીને ચોરીને અંજામ આપ્યો છે. વિગતવાર માહિતી મુજબ, એક વ્યક્તિ જ્યારે વાંકાનેડા રોડ પર આવેલા ગલ્લા પાસે પડીકી લેવા માટે ઉભો હતો, ત્યારે અચાનક ત્યાં આવેલા શાતિર શખ્સોએ તેને જણાવ્યું કે "તમારા પૈસા નીચે પડી ગયા છે". આ સાંભળીને વ્યક્તિ નીચે જોવા ગયો અને તેનું ધ્યાન ભટકાયું, તે જ સેકન્ડોમાં તસ્કરો મોટરસાયકલ પર રાખેલી બેગ ઉઠાવીને નાસી છૂટ્યા હતા.

જ્યારે ફરિયાદીને ભાન થયું કે તેની સાથે છેતરપિંડી થઈ છે, ત્યારે તસ્કરો નજરની બહાર નીકળી ગયા હતા. ચોરાયેલી બેગમાં કોઈ સામાન્ય સામાન નહીં પરંતુ સર્કસ પ્રોગ્રામના ફોટાની મહત્વની ફાઈલ હતી. આ ઉપરાંત, બેગમાં ₹3,000ની કિંમતનો મોબાઈલ, ₹1,000ના ચાંદીના બે કડા અને ₹2,000ની રોકડ રકમ સહિત કુલ ₹6,000ની મત્તાની ચોરી થઈ હોવાનું સામે આવ્યું છે. આ ઘટનાની ગંભીરતાને ધ્યાને લેતા તપાસ તેજ કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, હજુ ગઈકાલે જ સાવલી પોલીસે આવી જ રીતે લોકોનું ધ્યાન ભટકાવી ચોરી કરતી એક ટોળકીને જેલના સળિયા પાછળ ધકેલી હતી. તેમ છતાં, ડેસર પંથકમાં આવી ઘટના બનતા લોકોમાં ચર્ચા જાગી છે. આ અહેવાલ દ્વારા તમામ વાહનચાલકો અને મુસાફરોને અપીલ કરવામાં આવે છે કે, જાહેર સ્થળોએ કોઈ અજાણી વ્યક્તિ "તમારા પૈસા પડ્યા છે" અથવા "તમારા કપડાં પર ગંદકી લાગી છે" તેમ કહી ધ્યાન ભટકાવવાનો પ્રયાસ કરે તો સાવધ થઈ જવું. પોતાના કિંમતી સામાન અને બેગને ક્યારેય વાહન પર બિનવારસી ન મુકવી અને સતર્ક રહી આવી ગેંગનો શિકાર બનતા બચવું જોઈએ.

**રિપોર્ટ : કિરણસિંહ સોલંકી**

**ડેસરના વાંકાનેડા રોડ પર ગલ્લા પાસે ઉભેલા મુસાફરની નજર ચુકવી તસ્કરો બેગની ચોરી કરી ફરાર થઈ ગયા છે. "તમારા પૈસા પડી ગયા છે" તેમ કહી ધ્યાન ભટકાવી મોબાઈલ અને રોકડ સહિત કુલ ₹6,000ની મત્તા ઉઠાવી હોવાની ફરિયાદ નોંધાઈ છે.**

# ડાંગ: દીપડાના હુમલામાં મૃતક બાળકીના પરિવારને ₹10 લાખની સહાય

**દૈનિક પલ્સ સમાચાર:** વન્ય પ્રાણીના હુમલાનો ભોગ બનનાર માસૂમ બાળકીના પરિવાર પ્રત્યે રાજ્ય સરકારની સંવેદના પ્રગટ કરવા માટે પ્રભારી મંત્રી શ્રી જયરામભાઈ ગામિત તથા નાયબ મુખ્ય દંડક શ્રી વિજયભાઈ પટેલે ડાંગ જિલ્લાના દહેર ગામની મુલાકાત લીધી હતી. લવચાલી રેન્જના દહેર ગામમાં દીપડાના હુમલામાં ગંભીર રીતે ઘાયલ થયેલી ૫ વર્ષની રિયાબેનનું વલસાડ ખાતે સારવાર દરમિયાન અવસાન થયું હતું. આ દુઃખદ ઘટનાના પગલે શોકમગ્ન પરિવારને સાંત્વના આપવા પહોંચેલા જનપ્રતિનિધિઓએ સરકાર વતી રૂ. ૧૦ લાખનો સહાય ચેક અર્પણ કર્યો હતો. પ્રભારી મંત્રીએ જણાવ્યું કે, વહીવટી તંત્ર અને વન વિભાગ અસરગ્રસ્ત પરિવારની પડખે રહી આર્થિક મદદ પૂરી પાડી રહ્યા છે. બીજી તરફ, વન વિભાગની સતર્કતાને કારણે હુમલાખોર દીપડાને ટૂંકા સમયમાં પાંજરે પૂરી દેવામાં આવ્યો છે. આર.એફ.ઓ. અર્ચનાબેન હિરાના માર્ગદર્શન હેઠળ ૬ પાંજરા અને ૮ ટ્રેપ કેમેરાની મદદથી આ કામગીરી પાર પાડવામાં આવી હતી.

ઉત્તર વન વિભાગના નાયબ વન સંરક્ષક મુરારીલાલ મીણાએ પણ આ મામલે ગ્રામજનોના સહકારની પ્રશંસા કરી હતી. મંત્રીશ્રીઓએ ગ્રામજનોને વન્ય પ્રાણીઓના હુમલાઓથી સાવચેત રહેવા અને વન વિભાગના પ્રયાસોમાં સહયોગ આપવા અનુરોધ કર્યો હતો. આ અવસરે વઘઈ તાલુકા પંચાયત પ્રમુખ, ભાજપ અગ્રણીઓ અને વન વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહી અસરગ્રસ્ત પરિવાર પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરી હતી. **રિપોર્ટ : સચિન પવાર**



**ડાંગ જિલ્લાના દહેર ગામે દીપડાના હુમલામાં મૃત્યુ પામેલી ૫ વર્ષની બાળકીના પરિવારને પ્રભારી મંત્રી જયરામભાઈ ગામિત અને નાયબ મુખ્ય દંડક વિજયભાઈ પટેલે રૂ. ૧૦ લાખનો ચેક અર્પણ કર્યો હતો. રાજ્ય સરકારે આ દુઃખદ સમયે પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી.**